| | | | |
|---|---|---|---|
| અરજી દાખલ થયા તા. | ૧૪–૦૮–૨૦૧૭ | | |
| અરજી રજીસ્ટરે નોંધ્યા તા. | ૧૪–૦૮–૨૦૧૭ | | |
| અરજી ફેંસલ કર્યા તા. | ૦૬–૦૩–૨૦૨૬ | | |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૮ | ૦૬ | ૨૩ |

**સુરેન્દ્રનગરના મે.છઠ્ઠા એડીશ્નલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં,**
**મુ.સુરેન્દ્દનગર**

| | |
|---|---|
| **ફોજદારી અપીલ નં.૨૦/૨૦૧૭** | |
| **આંક: ૧૩૬** | |

**એપેલન્ટ** **(મુળ આરોપી)** :(૧) **આશીકહુસેન અલાઉદીનભાઈ બેલીમ**
ઉ.વ.આ.૭૫, ધંધો: નિવૃત
(૨) ખેરૂનીશાબેન આશીકહુસેન બેલીમ
ઉ.વ.આ.૭૦, ધંધો: નિવૃત
બંને રહે.કૃષ્ણનગર, બ્લોક નં.૭૬૩/૬૪
કલેકટર કચેરી પાછળ,સુરેન્દ્દનગર.

**વિરૂધ્ધ**

**રીસ્પોન્ડન્ટ** : **શ્રી સરકાર**

==================================================

**વિષય::–** <u>**ક્રિ.પ્રો.કોડની કલમ–૩૭૪ મુજબ ફોજદારી કેસ નં.૧૧૭૯/૦૨ ના કામે કરેલ સજા તથા દંડના હુકમ સામે અપીલ.**</u>

==================================================

| | |
|---|---|
| એપેલન્ટ/આરોપી તરફે વિધ્વાન વકીલશ્રી | વાય.એમ.કારીયાણીયા |
| સામાવાળાશ્રી સરકાર તરફે વિધ્વાન એ.પી.પી.શ્રી | પી.બી.મકવાણા |

==================================================

**–:: ઠ રા વ ::–**

(૧) આ કામમાં સરળતા ખાતર પક્ષકારોને મુળ કેસમાં જે રીતે ફરીયાદી કે આરોપી હતા તે રીતે ઉલ્લેખવામાં આવેલ છે.

**(૨) ફરીયાદ પક્ષની હકીકત ::–**

ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ સરકારશ્રી ની મહિલા પ્રધાન ક્ષેત્રીય નાની બચત યોજના તેમજ એફ.ડી. ના કામના એજન્ટના પરવાના ધરાવતાં હોય તા.૧૨/૦૨/૧૯૮૯ થી સુરેન્દ્રનગર મુકામે એજન્ટ હોવાના નાતે આરોપીઓએ ફરીયાદી નટવરલાલ કરમશીભાઈ જાદવ, રહે. સુ.નગરનાંઓ તથા સાહેદોના બચત ખાતા ખોલેલ જેમાં તા.૧૨/૦૨/૧૯૯૮ થી માહે : ૭/૨૦૦૨ સુધી ફરીયાદી તથા સાહેદોની પાસેથી બચત અંગેની માસિક રીકરીંગના તેમજ એફ.ડી. ના નાણા ઉઘરાવી અમુક નાણા જે તે ના ખાતામાં જમા કરાવેલ અને અમુક નાણા જે તે ના ખાતામાં જમા નહીં કરાવી તે નાણા પોતાના અંગત ઉપયોગમાં વાપરી નાંખેલ તેમજ આરોપી આશીકહુસેન અલ્લાઉદ્દીનભાઈ બેલીમે સુ.નગર શહેરમાં ગોલ્ડન ફોરેસ્ટ પ્રા.લી. નામની કંપનીના એજન્ટના નાતે સાહેદો પાસેથી બચત ખાતાના નાણા ઉઘરાવી લઈ અને જે કંપની સને–૨૦૦૦ થી બંધ થઈ ગયેલ તેમ છતાં કંપનીના નામે માહે : ૭/૨૦૦૨ સુધી નાણા ઉઘરાવી તે નાણા પોતાના અંગત ઉપયોગમાં વાપરી વેડફી નાંખેલ અને તે રીતે આરોપીઓએ સરકારશ્રીના એજન્ટના નામે ફરીયાદી / સાહેદોના કુલ મળી રુા.૨,૬૩,૮૮૯/–ની ઉચાપત કરેલ તેમજ ફરીયાદીસાહેદોની સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરેલ તેમજ ગુનો કરવામાં આરોપીઓએ એકબીજાને મદદગારી કરી શિક્ષાપાત્ર ગુનો કરેલ, તે મતલબની ફરીયાદ ફરીયાદીએ આપતા, આરોપીઓ સામે સબંધિત પોલીસ સ્ટેશનમાં ગુનો રજીસ્ટર થતા તપાસ કરનાર અમલદારે ક્રિ.પ્રો.કોડની કલમ–૧૫૫ થી ૧૭૨ ની જોગવાઈઓ પ્રક્રિયા માટે હાથ ધરી, જરુરી પંચનામા કરી અને ક્રિ.પ્રો.કોડ ની કલમ–૧૬૧ મુજબના નિવેદનો જરુરી સાહેદોના નોંધ્યા બાદ આરોપીઓ સામે ઈન્સાફી કાર્યવાહી કરી શકાય તેટલો પુરાવો મળતા

આરોપી સામે ક્રિ.પ્રો.કોડની કલમ–૧૭૩ મુજબનો ચાર્જશીટ/રીપોર્ટ ઉપરોકત કલમો અંગે કરેલો.

**(૩) ટ્રાયલ કોર્ટે હાથ ધરેલી પ્રક્રિયા::–**

રેકર્ડ જોતા, ટ્રાયલ કોર્ટના વિ. પ્રિસાઈડીંગ જજ શ્રીએ આરોપી સામે ક્રિ. પ્રો.કોડની કલમ–૨૦૪ હેઠળ ઉપર ચર્ચા મુજબના ગુનાઓનુ કોગ્નીઝન્સ લીધાનુ અને ત્યારબાદ આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૭ હેઠળ જરુરી દસ્તાવેજોની નકલો પુરી પાડયાનું જણાય આવે છે અને આરોપીની પ્લી લીધા બાદ આરોપીએ ગુનો કબુલ ન કરતા, આરોપી સામે ઈન્સાફી કાર્યવાહી હાથ ધરેલી છે અને રેકર્ડ જોતા નીચે મુજબના પુરાવા નીચેની અદાલતે રેકર્ડ કરેલા છે.

**(૩.૧) મૌખિક પુરાવો::–**

૧) આંક–૪૧ થી પંચ મુકેશભાઈ બાબુભાઈ બાવાજીની જુબાની.

૨) આંક–૪૪ થી પંચ મનીષ રસીકલાલની જુબાની.

૩) આંક–૭૦ થી ફરીયાદી નટુભાઈ કરમશીભાઈ જાદવની જુબાની.

૪) આંક–૭૨ થી સાહેદ દયાબેન નારણભાઈની જુબાની.

૫) આંક–૭૬ થી સાહેદ ગંગાબેન નરશીભાઈની જુબાની.

૬) આંક–૮૦ થી સાહેદ ગૌરીબેન મહાદેવભાઈની જુબાની.

૭) આંક–૮૧ થી સાહેદ જેરામભાઈ ખોડાભાઈની જુબાની.

૮) આંક–૮૪ થી સાહેદ સજજનબેન શામજીભાઈની જુબાની.

૯) આંક–૮૫ થી સાહેદ હીરાબેન રામજીભાઈની જુબાની.

૧૦) આંક–૮૮ થી સાહેદ શંકરભાઈ ગુકાભાઈ સાપરાની જુબાની.

૧૧) આંક–૮૯ થી સાહેદ અમૃતબેન શંકરભાઈની જુબાની.

૧૧) આંક–૯૦ થી સાહેદ વિનુભાઈ બચુભાઈની જુબાની.

૧૨) આંક–૯૩ થી સાહેદ ધનીબેન રમણીકભાઈની જુબાની.

૧૩) આંક–૯૪ થી સાહેદ રૂપાબેન ત્રિભોવનભાઈ દેગામાની જુબાની.

૧૪) આંક–૯૫ થી સાહેદ શારદાબેન જયંતીભાઈ નંદેસરીયાની જુબાની.

૧૫) આંક–૯૬ થી સાહેદ લાભુબેન દીલાભાઈ નંદેસરીયાની જુબાની.

૧૬) આંક–૯૭ થી સાહેદ સગરામભાઈ કરમશીભાઈ જીલની જુબાની.

૧૭) આંક–૧૦૨ થી સાહેદ જશુબેન બાબુલાલની જુબાની.

૧૮) આંક–૧૦૩ થી સાહેદ જગદંબાબેન સુરજપાલ પ્રજાપતિની જુબાની.

૧૯) આંક–૧૦૪ થી સાહેદ બચુલાલ ફતેચંદ બહેવાસીની જુબાની.

૨૦) આંક–૧૩૧ થી સાહેદ કલ્પનાબેન દેવીપ્રસાદ પંડયાની જુબાની.

૨૧) આંક–૧૩૮ થી સાહેદ મંજુલાબેન ગીરધરલાલ સીધ્ધપુરાની જુબાની.

૨૨) આંક–૧૪૦ થી સાહેદ ધનુબા દાદુભા વાઘેલાની જુબાની.

૨૩) આંક–૧૪૫ થી સાહેદ વજાભાઈ ધનાભાઈ રથવીની જુબાની.

(પ્રોડકશન વિટનેશ – નાયબ મામલતદાર, સુ.નગર)

૨૪) આંક–૧૪૬ થી સાહેદ કરશનભાઈ ગાંડાભાઈની જુબાની.

(પ્રોડકશન વિટનેશ–હેડ પોસ્ટ માસ્તર, એચ.ઓ., સુ.નગર)

૨૫) આંક–૧૫૦ થી સાહેદ લાભુબેન હરજીભાઈની જુબાની.

૨૬) આંક–૧૫૫ થી સાહેદ અદેરસિંહ જોરૂભા ઝાલાની જુબાની.

(ફરીયાદીની ફરીયાદ લેનાર–તપાસનીશ અમલદાર)

**(૩.૨) દસ્તાવેજી પુરાવો::–**

૧) આંક–૪૨ થી મુદ્દામાલ સાહિત્ય કબજે કર્યાનું પંચનામું.

૨) આંક–૭૧ થી ફરીયાદીની અસલ ફરીયાદ/એફ.આઈ.આર.

૩) આંક–૭૩ થી આરોપીએ સાહેદ દયાબેન એન. બારોટને આપેલ ગોલ્ડન ફોરેસ્ટ કંપની લી. ની રસીદ તા.૦૧/૦૩/૨૦૦૦ ની નકલ.

૪) આંક–૧૧૬ થી ધર્મેન્દ્ર બચુલાલ બહેવાસીના નામનું તા.૧૧/૧/'૯૭

કાર્ડ નં. ૧૯૯૩/એએલવી ૦૦૪૬૨૩૮ ની નકલ.

૫) આંક–૧૧૭ થી અમિતકુમાર બચુલાલ ના નામનું તા.૧૧/૧/'૯૭ કાર્ડ નં. ૧૯૯૩/એએલવી ૦૦૪૬૨૩૯ ની નકલ.

૬) આંક–૧૧૮ થી દેવેન્દ્રકુમાર બચુલાલ ના નામનું તા.૧૧/૦૧/'૯૭ કાર્ડ નં. ૧૯૯૩/એએલવી ૦૦૪૬૨૩૭ ની નકલ.

૭) આંક–૧૧૯ થી સુરજકુમાર સરોજબેન ખીમચંદના નામનું તા.૧૧/૦૧/'૯૭ કાર્ડ નં. ૧૯૯૩/એએમસી ૦૦૪૨૧૮૮ ની નકલ.

૮) આંક–૧૨૦ થી બચુલાલ ફકીરચંદ બહેવાસીના નામનું તા.૦૫/૧૧/'૯૮ કાર્ડ નં. ૧૯૯૫/એએલયુ ૦૦૪૬૨૩૮ ની નકલ.

૯) આંક–૧૨૧ થી જીતેન્દ્ર બચુલાલ બહેવાસીના નામનું તા.૦૭/૦૬/'૯૯ કાર્ડ નં. ૧૯૯૩/એએનએલ ૦૦૮૧૬૧૨ ની નકલ.

૧૦) આંક–૧૨૨ થી અનીલ બચુલાલ બહેવાસીના નામનું તા.૦૭/૦૬/'૯૯ કાર્ડ નં. ૧૯૯૩/એએનએલ ૦૦૮૧૬૧૩ ની નકલ.

૧૧) આંક–૧૨૩ થી હીરાબેન બચુલાલ બહેવાસીના નામનું તા.૦૭/૦૬/'૯૯ કાર્ડ નં. ૧૯૯૩/એએનએલ ૦૦૮૧૬૧૪ ની નકલ.

૧૨) આંક–૧૨૪ થી સુનીતા જીતેન્દ્ર બચુલાલ બહેવાસીના નામનું તા.૧૧/૦૩/'૯૭ કાર્ડ નં. ૧૯૯૩/એએમસી ૦૦૪૨૧૯૪ ની નકલ.

૧૩) આંક–૧૩૨ થી દવે મેઘના લક્ષ્મીકાંતના નામનું તા.૧૩/૧૦/'૯૭ કાર્ડ નં. ૧૯૯૫/એકયુઝેડ ૦૦૩૪૩૦૦ ની નકલ.

૧૪) આંક–૧૩૩ થી દવે મેઘના લક્ષ્મીકાંતના નામની ખાતા નં. ૩૦૨૩૦૧૫ નંબરની પાસબુક અસલ.

૧૫) આંક–૧૪૮ થી માર્ક–૧૪૫/૧ થી માર્ક–૧૪૫/૫૨ ને લીસ્ટ સાથે રજુ દસ્તાવેજો સંયુકત.

૧૬) આંક–૧૫૬ થી તપાસ સોંપ્યાનો હુકમ.

૧૭) આંક–૧૫૭ થી આરોપી–આશીકહુસેન અલ્લાઉદ્દીન બેલીમના નામનું કલેકટર કચેરી – સુરેન્દ્રનગરે ઈસ્યુ કરેલ સર્ટીફિકેટ.

૧૮) આંક–૧૫૮ થી આંક–૧૫૮ વાળુ સર્ટીફિકેટ કબજે કર્યાની પંચોની સહીવાળી અસલ સ્લીપ.

૧૯) આંક–૧૫૯ થી આંક–૧૫૮ વાળુ સર્ટીફિકેટ રીન્યુ કરવા કલેકટર–સુરેન્દ્રનગરે લખેલ પત્ર.

૨૦) આંક–૧૬૦ થી આરોપી–ખેરૂનીશા આશીફહુસેન બેલીમના નામના મુદ્દામાલ આર્ટીકલ નં. ૨ થી કબજે કરેલ દસ્તાવેજો.

૨૧) આંક–૧૬૧ થી મુદ્દામાલ આર્ટીકલ નં. ૩ થી કબજે કરેલ નંગ–૧૮૮ બચત કારોની પાસબુક કબજે કર્યાની પંચોની સહીવાળી અસલ સ્લીપ.

૨૨) આંક–૧૬૨ થી મુદ્દામાલ આર્ટીકલ નં. ૩ થી કબજે કરેલ નંગ–૧૮૮ બચત કારોની પાસબુકો. (સંયુકત રીતે)

૨૩) આંક–૧૬૩ થી મુદ્દામાલ આર્ટીકલ નં. ૪ થી કબજે કરેલ નંગ–૧૯૪ બચત કારને આપવામાં આવતાં સફેદ તથા આછા વાદળી કલરના કાર્ડ કબજે કર્યાની પંચોની સહીવાળી અસલ સ્લીપ.

૨૪) આંક–૧૬૪ થી મુદ્દામાલ આર્ટીકલ નં. ૪ થી કબજે કરેલ નંગ–૧૯૪ બચતકાર ને આપવામાં આવતાં કાર્ડ. (સંયુકત રીતે)

૨૫) આંક–૧૬૫ થી મુદ્દામાલ આર્ટીકલ નં. ૪ થી કબજે કરેલ ચેકબુક.

૨૬) આંક–૧૬૬ થી મુદ્દામાલ આર્ટીકલ નં. ૫ થી કબજે કરેલ નંગ–૬૧ કાર્ડની પહોંચો નંગ–૬૧. (સંયુકત રીતે)

૨૭) આંક–૧૬૭ થી મુદ્દામાલ આર્ટીકલ નં. ૬ થી કબજે કરેલ નંગ–૭ એફ.ડી.ના કાર્ડ તથા કોરા કાર્ડ કબજે કર્યાની પંચોની સહીવાળી અસલ સ્લીપ.

૨૮) આંક–૧૬૮ થી મુદ્દામાલ આર્ટીકલ નં. ૬ થી કબજે કરેલ નંગ–૭ એફ.ડી.નાકાર્ડ તથા કોરા કાર્ડ. (સંયુકત રીતે)

૨૯) આંક–૧૬૯ થી મુદ્દામાલ આર્ટીકલ નં. ૭ થી કબજે કરેલ એકનોલેજમેન્ટ–૪ તથા તે સાથેના કાગળોની ઝેરોક્ષના સેટ નંગ–૪. (સંયુકત રીતે)

૩૦) આંક–૧૭૦ થી મુદ્દામાલ આર્ટીકલ નં. ૮ થી કબજે કરેલ પાસબુક તથા

પરચુરણકાગળો. (સંયુકત રીતે)

(૩.૩) રેકર્ડ જોતા, આરોપીનું વધારાનું નિવેદન ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ હેઠળ નોંધ્યા બાદ વિ.એ.પી.પી.શ્રી તથા આરોપીના વિ.વ.શ્રીઓની દલીલો સાંભળ્યા બાદ ટ્રાયલ અદાલતે નીચે મુજબનો હુકમ કરેલ છે.

**–:: આખરી હુકમ ::–**

(૧)) આ કામના આરોપીઓ (૧) આશીકહુસેન અલ્લાઉદીનભાઈ બેલીમ તથા (૨) ખેરૂનીશાબેન આશીકહુસેન બેલીમ, રહે. બંને સુરેન્દ્દનગરનાઓને ક્રિ.પ્રો. કોડ કલમ–૨૪૮(૨) અનુસાર ઈ.પી.કો.કલમ–૪૦૯ સાથે વાંચતા કલમ–૧૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુનાના કામે તકસીરવાન ઠરાવી દરેકે આરોપીને પાંચ વર્ષની સાદી કેદની સજા ભોગવવાનુ તથા રુા.૧૦,૦૦૦/– દંડ ફરમાવવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ભરવામાં કસુર કરે તો તેનાભંગ બદલ બીજા છ માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

વધુમાં, ઈ.પી.કો.કલમ–૪૨૦ સાથે વાંચતા કલમ–૧૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુનાના કામે તકસીરવાન ઠરાવી દરેક આરોપીએ ત્રણ વર્ષની સાદી કેદની સજા ભોગવવાનુ તથા રુા.૫,૦૦૦/– દંડ ફરમાવવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ભરવામાં કસુર કરે તો તેના ભંગ બદલ બીજા ત્રણ માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

વધુમાં, આથી એવો હુકમ કરવામાં આવે છે કે આરોપીઓને ફરમાવેલ તમામ ગુના સંબંધેની સજા આરોપીઓએ એકીસાથે ભોગવવી.

(૨)) ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૪૨૮ અન્વયે આરોપીઓએ હાલના ગુનાનાં કામે કાચા કામના કેદી તરીકે ભોગવેલ સજા મજરે આપવાનો આથી હુકમ કરવામાં આવે છે.

(૩)) ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૩૬૩ અન્વયે આ ચુકાદાની એક પ્રમાણિત કરેલ નકલ આ કામના આરોપીઓને વિના મુલ્યે તાત્કાલીક પુરી પાડવી.

આ હુકમ આજ તા.૧૧ મી માહે, ઓગષ્ટ સને ૨૦૧૭ નારોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ
સુરેન્દ્રનગર.કોડ નં.જીજે૦૦૮૧૯

ઉપરોકત હુકમથી નારાજ જઈ આરોપીએ ક્રિ.પ્રો.કોડની કલમ–૩૭૪ હેઠળ અપીલ અદાલત રુબરુ અપીલ કરેલ છે.

## (૪) અપીલની હકીકત ::–

**૪.૧)** આ કામે એપેલેન્ટ તરફે અપીલ મેમામાં જણાવેલ કારણો રેકર્ડ ઉપર ઉપલબ્ધ હોઈ તેનું પુનરાવર્તન કરવામાં આવેલ નથી પરંતુ તમામ વંચાણે અને ધ્યાને લેવામાં આવેલ છે, તેમાં મુખ્યત્વે ફરીયાદી તથા સાહેદોના પુરાવાની હકીકત રીફર કરી, પુરાવામાં મહત્વના વિરોધાભાસ આવતા હોવાનુ જણાવી, નામ.નીચેની અદાલતે સાહેદોના મૌખિક પુરાવાનુ મુલ્યાંકન કરવામાં ગંભીર ક્ષતિ દાખવી સજા કરેલ છે તે હુકમ રદ કરી અપીલ મંજુર કરવા અરજ કરેલ છે.

## (૫) આરોપી તરફે દલીલ::–

**૫.૧)** આરોપી તરફે તેમના વિ.વકીલશ્રીએ મોટાભાગની હકીકત જે અપીલ મેમામાં જણાવેલ છે તેનું પુનરાવર્તન કરેલ છે અને વધુમાં મુખ્યત્વે એવી દલીલ કરેલી છે કે, ફરીયાદ પક્ષે તહોમત મુજબના ગુનાના કોઈ તત્વો પુરવાર કરેલ નથી. ટ્રાયલ અદાલતે ઉપરોકત સાહેદોના પુરાવાનું યોગ્ય રીતે કોઈ મુલ્યાંકન કરેલ નથી અને ફકત ફરીયાદી સરતપાસ લક્ષમાં લઈ અને ઉલટતપાસ લક્ષમાં ન લઈ ચુકાદો આપેલ છે જે ભુલભરેલો છે. જેથી આરોપીને નિર્દોષ ઠરાવવા દલીલ કરેલ છે.

## (૬) વિ.એ.પી.પી.શ્રીની દલીલો ::–

**૬.૧)** વિ.એ.પી.પી.શ્રીએ દલીલ કરેલી છે કે, ટ્રાયલ અદાલતે ખુબ જ અભ્યાસપૂર્વક પુરાવાનું મૂલ્યાંકન કરી ચુકાદો આપેલ છે અને આરોપી

કે ફરીયાદ પક્ષને અન્યાય ન થાય તે રીતે તમામ હકીકતને લક્ષમાં લઈ યોગ્ય રીતે અને ન્યાયિક રીતે પુરાવાનું મૂલ્યાંકન કરી ચુકાદો આપેલ છે તેથી તે ચુકાદામાં કોઈ હસ્તક્ષેપને અવકાસ નથી તેથી અપીલ નામંજુર કરવા માટે દલીલ કરેલ છે.

**(૭) પોઈન્ટસ ફોર ડીટરમીનેશન::–**

આ કામનું રેકર્ડ, જજમેન્ટ, અપીલ મેમો, આરોપીનાં વિ.વ.શ્રીની દલીલો, વિ.એ.પી.પી.શ્રીની દલીલો લક્ષમાં લેતા, આ અપીલના નિર્ણય માટે ક્રિ.પ્રો.કોડની કલમ–૩૮૭ સાથે ૩૫૪ (૧)(બી) વંચાણે લેતા નીચે મુજબના પોઈન્ટસ ઉપસ્થિત થાય છે.

૧. શું નીચેની અદાલતનું જજમેન્ટ ગેરકાયદેસર, કાયદાનાં પ્રસ્થાપિત સિધ્ધાંત વિરુધ્ધનું અને કાયદા તેમજ હકીકતથી ભુલ ભરેલ છે અને તેમાં હસ્તક્ષેપ કરવો જરુરી છે ?

૨. શું ટ્રાયલ અદાલતે મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓનું યોગ્ય રીતે તહોમત સંદર્ભે મૂલ્યાંકન કરેલ નથી ?

૩. શું હુકમ ?

**(૮) મુદ્દાના જવાબ ::–**

૮.૧ ''હકારમાં''

૮.૨ ''હકારમાં''

૮.૩ આખરી હુકમ મુજબ

**–:: <u>કા ર ણો</u> ::–**

**(૯) જનરલ સિધ્ધાંતો:**

**(અ)** ફોજદારી કેસોમાં પુરાવાકીય મુલ્યાંકન કરવા બાબતે પુરાવા બાબતે સામાન્ય સિધ્ધાંત એ છે કે, ફરિયાદપક્ષે ગુનો સાબિત કરવા

માટે, આરોપીની જવાબદારી સાબિત કરવા માટે સામાન્ય રીતે વાસ્તવિક પુરાવો (Substantive Piece of evidence) રજુ કરવો જોઈએ. જો વાસ્તવિક પુરાવો ન હોય તો, આરોપીની જવાબદારી નકકી, ગુનાના આવશ્યક તત્વો સાંયોગીક પુરાવાથી (Circumstantial Evidence) સાબિત થઈ શકે. પુરાવાનુ મુલ્યાંકન કરતી વખતે સમર્થનકારી પુરાવો (Corroborative piece of evidence) પણ અગત્યનો ભાગ ભજવે છે.

દરેક કેસમાં સમર્થનકારી પુરાવો (Corroborative piece of evidence)હોવો જ જોઈએ તેવો કાયદાનો કોઈ સિધ્ધાંત નથી. જો વાસ્તવિક પુરાવો(substantive Piece of evidence) માનવાપાત્ર (Reliable), વિશ્વાસપાત્ર (Trustworthy) હોય તો તેના આધારે ફરિયાદપક્ષનો કેસ સાબિત થઈ શકે. જો વાસ્તવિક પુરાવો (substantive Piece of evidence) હોય અને સાથે સાથે સમર્થનકારી (Corroborative Piece of evidence) હોય તો વાસ્તવિક પુરાવો (Substantive Piece of evidence) માનવાપાત્ર (Reliable), વિશ્વાસપાત્ર (Trustworthy) બને છે.

**(બ) મુદ્દા નં.૧ તથા ૨ ::–**

**A Beyond Reasonable doubt એટલે શું ?**

**A.1** ઉપર ચર્ચા કરી તે મુજબ ફરીયાદ પક્ષે તેમનો કેસ વ્યાજબી શકથી પર સાબીત કરવાનો હોય છે અને કોઈપણ ભુલ ભરેલી સજા સમાજ તથા આરોપી માટે ખુબ જ ગંભીર બાબત છે. જેથી સજા કરતી વખતે અદાલતે ધ્યાનમાં રાખવાનું હોય છે કે, એક ડાહયો માણસ

અદાલત સમક્ષ પડેલી બાબતો વિચારતા એવા એવા નિર્ણય પર પહોંચે કે, આરોપી વ્યાજબી શકથી પર ગુનેગાર છે.

**Reasonable doubt અંગે વિદ્યાન કાયદાવીદ વ્હોરટને નીચે મુજબની વ્યાખ્યા આપી છે કે :–** " Reasonable doubt is that which makes you hesitate as to the correctness of the conclusion which you rich" જયારે અદાલતને તેની રુબરુ જે પુરાવો પડેલો હોય તે શુધ્ધ અંતર આત્માથી વિચારતા એવુ લાગે કે, આરોપીની ગુનેગારી બાબતે શંકા છે તો તે રીઝનેબલ ડાઉટ છે.

**A.2 આજ રીતે લોર્ડ ડેનીંગે તેની વ્યાખ્યા આપતા જણાવ્યુ છે કે :–** That degree is not well settled. It need not reach certainty but must carry a high degree of probability. Proof beyond reasonable doubt does not mean proof beyond the shadow of doubt. The law would fail to protect the community if it admitted fanciful possibilities to deflect the course of justice. If the evidence is strong against a man as to leave only a remote possibility in his favour that can be dismissed with the sentence. "of course it is possible, but not in the lest probable, the case is proved beyond reasonable doubt, but nothing short of that will suffice." વધુમાં નામ. સર્વોચ્ચ અદાલતે સ્ટેટ ઓફ બેંગાલ– વિરુધ્ધ– ઓનીલાલ જયસ્વાલના ૧૯૯૪(૧) જી.એલ.એચ.પાના નં.૫૩૭ ઉપરના ચુકાદામાં એવો સિધ્ધાંત પ્રતિપાદિત કરેલ છે કે, **1994 (1) G.L.H. 537 SUPREME COURT K. JAYACHANDRA REDDY AND G.N.RAY, JJ**. State of West Bengal ... Appellant Versus Orilal Jaiswal and Another ... Respondents (page 537) Reasonable doubt is simply that

degree of doubt which would permit a reasonable and just man to come to a conclusion. Reasonableness of the doubt must be commensurate with the nature of the offence to be investigated. ..."

**(૧૦) ઈ.પી.કોડ કલમ–૪૨૦ ના આવશ્યક તત્વો::**

ભારતીય ફોજદારી ધારાની કલમ ૪૨૦ મુજબના ઠગાઈ કરવા અને મિલકત આપી દેવા માટે બદદાનતથી લલચાવવાના શિક્ષાપાત્ર ગુનાને સાબિત કરવા ફરીયાદ પક્ષે નીચે મુજબની બાબતો સાબીત કરવી જરૂરી છે.

૧. આરોપીએ કોઈ વ્યકિતની ઠગાઈ કરી છે.

૨. તેણે તેના દ્વારા

(અ) આરોપીની ન હોય તેવી કોઈ વ્યકિતની મિલકતનું હસ્તાંતરણ કરવા

(બ) કોઈ કિંમતી જામીનગીરી બનાવવા, તેમાં ફેરફાર કે નાશ કરવા

(ક) કોઈ કિંમતી જામીનગીરીમાં ફેરવી શકાય તે માટે સહી કે સીકકો કરવા કોઈને પ્રેરેલ છે.

૩. આવું તેણે અપ્રમાણિકતાથી કરેલ છે.

**(૧૦.૧) ઈ.પી.કોડ કલમ–૪૦૯ ના આવશ્યક તત્વો::**

ભારતીય ફોજદારી ધારાની કલમ–૪૦૯ મુજબનો જાહેર નોકર અથવા બેકાર,વેપારી અથવા પ્રતિનિધિ વ્દારા ગુન્હાહિત વિશ્વાસઘાતનો શિક્ષાપાત્ર ગુનાને સાબિત કરવા ફરીયાદ પક્ષે નીચે મુજબની બાબતો સાબીત કરવી જરૂરી છે.

૧. આરોપી કારકુન અથવા નોકર તરીકે નોકરી કરતો હતો.

૨. આ રીતે કારકુન અથવા નોકરના દરજજથી તેમને કોઈ મિલ્કત,અથવા

મિલ્કત પરનો અધિકાર સોંપવામાં આવ્યો.

૩. આ રીતે સોંપવામાં આવેલી મિલ્કતનો ગુન્હાહિત વિશ્વાસઘાત આરોપીએ કર્યો.

## (૧૧) ફરીયાદ પક્ષનો પુરાવો ::–

**(૧૧ .૧)** ફરીયાદ પક્ષે ફરીયાદી નટુભાઈ કરમશીભાઈ જાદવને આંક–૭૦ થી સોગદ પર તપાસી તેમની જુબાની દરમ્યાનમાં સરતપાસના ભાગે ફરીયાદ રીફર કરી આંક–૩૧ થી રજુ રાખેલ છે. સદર ફરીયાદી પોતાની જુબાનીમાં સરતપાસના ભાગે જણાવે છે કે, હાલમાં હું સુ.નગર મુકામે રહું છું અને કુટની લારીનો ધંધો કરૂં છું, આ કામના આરોપીઓને હું ઓળખું છું જેઓ સુ.નગર મુકામે નાની બચત ખાતાના એજન્ટ હોય તે રીતે ઓળખું છું, મેં આરોપી પાસે માસિક રા. ૩૦૦/– થી બચત ખાતુ ખોલાવેલ જેનો ખાતા નં. ૩૦૨૩૧૨૧ હતો સદરહું ખાતાના પૈસા ભર્યાનું કાર્ડ આરોપી પાસે રહેતું હતું મે સદરહું ખાતામાં જૂન–૨૦૦૬ માં છેલ્લો હપ્તો ભરલો હતો. મારા ખાતામાં આશરે પંદરેક હજાર રૂપીયાની જમા હતી. મેં વાતોવાતથી આરોપી એ મારા ખાતામાં પૈસા જમા કરાવેલ નથી એવું સાંભળેલ અને તપાસ કરતા મારા ખાતામાં રૂા.૩૦૦/– થી વધારે કાંઈ જમા થયેલ ન હતું તેથી મે આરોપી વિરૂધ્ધ ફરીયાદ આપેલ તેમ જણાવી ફરીયાદ પરની પોતાની સહી તેમજ આરોપીને ઓળખી બતાવે છે અને એમ પણ જણાવે છે કે, હું મારૂં ખાતુ બતાવવા કોઈ ઉતારો કે પોસ્ટની કોઈ બુક લાવેલ નથી.

સદર સાહેદની બચાવ પક્ષે કરેલ ઉલટતપાસ જોતા સદર ફરીયાદી સ્વીકારે છે કે, **મે છાપામાં વાચ્યા બાદ હાલની આ ફરીયાદ કરેલી, અમો પક્ષકારો વચ્ચે પૈસાની લેતીદેતીનો પ્રશ્ન હતો. આરોપીઓએ મને ફરીયાદમાં જણાવેલ રકમ પરત આપી દીધેલ છે, આરોપીઓ કે તે પૈકી કોઈ પોસ્ટ ખાતાના બચત એજન્ટ હોય તેવો કોઈ લેખીત આધાર મે ફરીયાદ સાથે રજુ કરેલ નથી.**

ઉપરોકત ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવાનું ગુણાત્મક મુલ્યાંકન કરતા,આ કામના ફરિયાદીએ છાપામાં વાંચીને હાલની ફરિયાદ આપેલ છે.

તેઓને સદર બનાવ લગતની કોઈ જાત માહીતી નથી. આમ, સદર કામે સાહેદની જુબાની જે પુરાવા અધિનિયમ અનુસાર હકિકત (બનાવ સંબંધેની) તેઓને કોઈ જાણ નથી.

**(૧૧ .૨)** ફરીયાદ પક્ષે આરોપીઓ અથવા તો આરોપીની પાસે નાણા જમા કરાવનાર સાહેદો પૈકીના સાહેદ દયાબેન નારણભાઈને આંક–૭૨ થી સોગંદ પર તપાસતા તેણી પોતાની જુબાનીમાં સરતપાસના ભાગે જણાવે છે કે, અમો સુ.નગરમાં કુકડાપ્રેસ શેરી નં. ૭ માં મારા બા–બાપુજી સાથે રહું છું, આ કામના આરોપીઓને ઓળખું છું આરોપી પોસ્ટમાં બચત એજન્સીનું કામ કરતાં હોઈ ઓળખું છું, અમોએ આરોપી – બેલીમભાઈને ડબલમાં મુકવા માટે રા.૫,૦૦૦/– આપેલા અને તે કિશાન વિકાસ પત્રોમાં રોકવા માટે આપેલ અને આરોપીએ મને એક રસીદ અંગ્રેજીમાં લખેલી આપેલ અને મે બીજા પાસે વંચાવતા મને ખબર પડેલી કે સદરહું રસીદ કિશાન વિકાસ પત્ર નથી પરંતુ ગોલ્ડન ફોરેસ્ટ કંપનીની હોવાની જાણ થયેલી અને તેથી મે તરત જ આરોપી–બેલીમભાઈને કહેલ કે ભાઈ મારા પૈસા જશે તો નહીં ને તેથી મે આરોપી ઉપર વિશ્વાસ રાખેલો અને ત્યારબાદ ત્રણ વર્ષ પછી આરોપી–બેલીમભાઈનો દિકરો મુન્નાને આપેલી અને તે અસલની ઝેરોક્ષ કરાવેલી, અસલ મુન્નો લઈ ગયેલ તેમ જણાવી તેની ઝેરોક્ષ માર્ક–એ થી રજુ રાખે છે અને વધુમાં જણાવે છે કે આરોપી બેલીમભાઈએ મને બીજી એક ગોલ્ડન ફોરેસ્ટની રસીદ નં. ૬૧૭૬૭૧/એ આપેલી તેમ જણાવી અસલ બતાવી તેની ઝેરોક્ષ નકલ આંક–૭૩ થી રજુ રાખી જણાવે છે કે, મને રા.૫,૦૦૦/– આરોપીને આપેલ તે આજદિન સુધી પરત આવેલ નથી અને અમોએ પૈસાની માંગણી કરતાં આરોપી–બેલીમે કહ્યુ કે કેસ કરેલ છે તેથી આપવા નથી, પોલીસે મારો જવાબ લીધેલ.

સદર સાહેદની બચાવ પક્ષે કરેલ ઉલટતપાસ જોવામાં આવે તો સદર સાહેદણ સ્વીકારે છે કે, આરોપીઓ પૈકી કોઈપણ પોસ્ટના એજન્ટ છે તે સંબંધેનો આધાર મેં પોલીસને આપેલ નથી. મેં નાણા રોકવા બેલીમને આપેલા છે તે સંબંધેનો લેખીત આધાર મારી પાસે નથી, બેલીમભાઈ એ ચીઠ્ઠી કે રસીદ આપેલી નથી, તા.૦૮/૦૭/૨૦૦૦ નાં રોજ મને રસીદ

ગોલ્ડન ફોરેસ્ટની મળ્યા બાદ આ કામના તહોમતદારો સામે ફરીયાદ કરવા પોલીસમાં ગઈ નથી.

ઉપરોકત ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવાનું ગુણાત્મક મુલ્યાંકન કરતા, સદર કામે ફરિયાદપક્ષના સાહેદ પાસેથી આ કામના આરોપી પોસ્ટની સ્કીમ અનુસાર નાણાં મેળવી તે લગતની રસીદ આપતા હોય. તેવો કોઈ પુરાવો ફરિયાદપક્ષે આપી તે લગતની કોઈ હકિકત પુરવાર કરી શકેલ નથી. આમ, સદર કામે સાહેદની જુબાની જે પુરાવા અધિનિયમ અનુસાર હકિકત (બનાવ સંબંધેની) તેઓને કોઈ જાણ નથી.

**(૧૧.૩)** ફરીયાદ પક્ષે સાહેદ ગંગાબેન નરશીભાઈને આંક–૭૬ થી સોગંદ પર તપાસતા તેણી પોતાની જુબાનીમાં સરતપાસના ભાગે જણાવે છે કે, અમો પોસ્ટમાં મારી દિકરી હંસાના નામે બચત ખાત ખોલાવેલ જેમાં દર મહિને રૂા.૧૦૦/– ભરતી હતી તે આરોપીના પીતા બેલીમભાઈ દર મહિને પૈસા લેવા આવતા હું પૈસા આપતી તે કાગળમાં સહી કરી આપતાં હતાં અને તે કાગળીયું મારી પાસેથી બેલીમભાઈ લઈ ગયેલ, અમોએ દશ વર્ષ સુધી પૈસા ભરેલા કુલ રૂા.૧૦,૦૦૦/– જેટલા પૈસા ભરેલા તેમ જણાવી આરોપીઓને ઓળખી બતાવે છે અને એમ પણ જણાવે છે કે, અમોએ ભરેલ રૂા.૧૦,૦૦૦/– આરોપી – બેલીમભાઈ અલ્લાઉદ્દીનભાઈ બેલીમે મને આપી દીધેલ છે અને મારા સિવાય બીજા લોકોએ પણ આવા ખાતા ખોલાવેલ, પોલીસે મારો જવાબ લીધેલ મને જેણે બેલીમે રુા.૧૦,૦૦૦/– પાછા આપેલ છે તે આજે કોર્ટમાં આવેલ નથી તેની પત્નિ અને તેનો દિકરો આજે કોર્ટમાં આવેલ છે તેવું જણાવે છે.

જયારે કે, બચાવ પક્ષે કરેલ ઉલટતપાસ જોવામાં આવે તો સદર સાહેદણ સ્વીકારે છે કે, **અમે જે બચતના પૈસા અલ્લાઉદ્દીન બેલીમ પાસે ભરતા હતા તેનો કોઈ દસ્તાવેજી કાગળો પોલીસમાં આપેલ નથી.**

**(૧૧.૪)** ફરીયાદ પક્ષે આરોપીઓ અથવા તો આરોપીની પાસે નાણા જમા કરાવનાર સાહેદો પૈકીના સાહેદ ગૌરીબેન મહાદેવભાઈને આંક–૮૦ થી

સોગંદ પર તપાસતા તેણી પોતાની જુબાનીમાં સરતપાસના ભાગે સ્પષ્ટપણે જણાવે છે કે, આશરે બારેક વર્ષ અગાઉથી હું બેલીમભાઈને ઓળખું છું તેઓ પોસ્ટ ઓફિસે ખાતામાં પૈસા જમા કરાવવા માટે લઈ જતાં હું દર મહિને રૂપીયા તણસોનો હપ્તો ભરતી હતી તે અંગેનું મને કાર્ડ આપેલું તેમા પૈસા લખતા હતાં અને જતા રહેતા, કુલ કેટલા પૈસા જમા કરાવેલા તે મને હાલ યાદ નથી, કાર્ડ ભરાઈ ગયા બાદ ચોપડી આપેલી અને ચોપડી પરત લઈ ગયેલા તેઓએ પૈસાનું શું કરેલું તેની મને ખબર નથી કેટલા સામે ફરીયાદ કરેલી તેની પણ મને ખબર નથી. આમ, સુંદર સાહેદણ ફરીયાદ પક્ષના કેસની વિગતોને લેશમાન પણ સર્મથન કરતાં ન હોઈ તેણીને હોસ્ટાઈલ જાહેર કરી ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રીએ તેણીના પોલીસ રૂબરૂનાં નિવેદનની હકીકતે કોન્ટાડીકટ કરેલ છે પરંતુ તે પરથી પણ કોઈ ફળદાયી વિગતો બહાર આવતી નથી કે જે ફરીયાદ પક્ષને મદદરૂપ થાય.

સદર સાહેદની બચાવ પક્ષે કરેલ ઉલટતપાસના જોતાં સદર સાહેદણ સ્વીકારે છે કે, **અમારે પૈસાના હિસાબ અંગેની લેતીદેતીની તકરાર હતી તે પૂર્ણ થઈ ગયેલ છે, મે રા.૫,૭૦૦/- જમા કરાવેલ હોય તે દર્શાવતો કોઈ આધાર મારી પાસે નથી, મારી પાસબુકમાં જમા કરાવેલ રુા.૩,૬૦૦/- મારા ખાતામાં હોય મને મળી ગયેલ છે, આરોપીએ મારા કોઈ પૈસાની હેરફેર કરેલ નથી.**

**(૧૧.૫)** ફરીયાદ પક્ષે સાહેદ શારદાબેન જયંતિભાઈ નંદેસરીયાને આંક-૯૫ થી સોગદ પર તપાસતા તેણી પોતાની જુબાનીમાં સુરતપાસના ભાગે સ્પષ્ટપણે જણાવે છે કે, હું આ કામના આરોપી નં. ૧ ને ઓળખું છું, આઠ-નવ વર્ષ અગાઉ આ કામના આરોપી મારી પાસે પૈસા ઉધરાવવા આવતા હતાં બીજા પાડોશીઓ આ કામના આરોપીને પૈસા આપતા હતાં તેથી હું પણ તેઓને પૈસા આપતી હતી અને તેઓ જણાવતા હતાં કે પોસ્ટમાં દર મહિને બચત થાય તેનો હપ્તો લેતા હતાં, હું દર મહિને રૂા. ૨૨૫/- બેલીમભાઈને આપતી હતી અને દર મહિને ચોપડીમાં પૈસા લખતા હતાં અને સીકકો મારતાં હતાં તે પાસબુક મારી પાસે રહેતી હતી દર મહિને પૈસા ભરતી હતી પૈસા કેટલા ભરેલા તે હાલ મને યાદ નથી, ત્યારબાદ બે-ત્રણ મહિનાથી

લીધેલ પૈસા લેવા આવેલ નહીં, લેખીત અમારા બધા પાડોશીઓ પાસે પૈસા લેવા આવવા જણાવેલ અને કહેલ કે અમારી પાસે પૈસા નથી ત્યારે તેમના દિકરાએ જણાવેલ કે પૈસા આપી દઈશ ત્યારબાદ આશરે બે – ત્રણ વર્ષ અગાઉ તેઓ અમોને ઘરે આવીને રૂા. ૯,૦૦૦/– જેટલા પૈસા આપી ગયેલા છે, ત્યારબાદ શું થયેલું તે મેં જાણેલું નહીં, મને કોર્ટે બોલાવેલ હોય તેથી હું આજ રોજ હું અહીંયા આવેલી છું. મારા પૈસા આવી ગયેલ હોવાથી કોઈનું ખોટુ કરાય નહીં તેથી હું આવેલ છું પૈસા ભરે સાત–આઠ વર્ષ થયેલ છે ત્યારબાદ કાંઈ બનેલ નથી, હું અને મારા જેઠના દિકરાની વહુ લાભુબેન પણ પૈસા ભરતાં તેઓ દર મહિને રા. ૧૦૦/– ભરતા હતાં, પોલીસે મારો જવાબ લીધેલો નથી, પાંચ–છ હપ્તા ભર્યા પછી બેલીમભાઈ પાસબુક લઈ ગયેલા. આમ, સદર સાહેદણ ફરીયાદ પક્ષના કેસની વિગતોને લેશમાત્ર પણ સર્મથન કરતાં ન હોઈ તેણીને હોસ્ટાઈલ જાહેર કરી ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રીએ તેણીના પોલીસ રૂબરૂનાં નિવેદનની હકીકતે કોન્ટાડીકટ કરેલ છે પરંતુ તે પરથી પણ કોઈ ફળદાયી વિગતો બહાર આવતી નથી કે જે ફરીયાદ પક્ષને મદદરૂપ થાય.

સદર સાહેદની બચાવ પક્ષે કરેલ ઉલટતપાસના જોતાં સદર સાહેદણ સ્વીકારે છે કે, **હું કાંઈ ભણેલી નથી કે મને કાંઈ લખતા વાંચતા આવડત નથી, બેલીમભાઈ તથા તેમના પત્નિ તથા તેમના દિકરા અમારા સંબંધી થતા હોય તેથી તેમને અમો ઓળખીએ છીએ,** બેલીમભાઈ જે અમારી પાસેથી પૈસા લઈ જતા હતા તે નિયમિત પોસ્ટમાં જમા કરાવતા હતાં અને કયારેય જમા કરાવેલ ન હોય તેવું બનેલ નથી, **અમે અમારા જે પૈસા જમા કરાવવા માટે આપેલ હોય તે પૈસા જમા કરાવેલ છે અને તેમને જમા કરાવેલ ન હોય તેવું બનેલ નથી જેથી અમોએ કોઈ તેમના વિરૂધ્ધ ફરીયાદ કરેલી નથી, હું કયારેય પોસ્ટમાં પૈસા જમા થયા કે કેમ તેની તપાસ કરવા માટે ગયેલી નથી, અમોએ જેટલા પૈસા ભરેલા તેટલા પૈસા મને મળી ગયેલા છે,** મને જે રુા. ૯,૦૦૦/– મળેલા છે તે અમારી બેલીમભાઈ તરફે અંગત લેતીદેતીની હોવાથી તેના આપેલા છે, પોલીસને કાંઈ જવાબ લખાવેલ નથી પોલીસે ફકત અમારું નામ–સરનામું પુછેલું.

**(૧૧.૬)** ફરીયાદ પક્ષે સાહેદ મંજુલાબેન ગીરધરલાલ સીધ્ધપુરાને આંક–૧૩૮ થી સોગંદ પર તપાસતા તેણી પોતાની જુબાનીમાં સરતપાસના ભાગે સ્પષ્ટપણે જણાવે છે કે, મે પોસ્ટમાં ખાતુ ખોલાવેલ, આ ખાતુ એજન્ટ બેલીમભાઈ ધ્વારા ખોલાવેલ, **મે રુા. ૧૬,૦૦૦/–બેલીમભાઈને આપેલા તે પૈસા બેલીમભાઈ મને બે વર્ષ પછી પાછા આપી ગયેલા, પોલીસે બેલીમભાઈએ કોઈ ગુનો કરેલ હોય તે બાબતે અમારી પુછપરછ કરેલી નહીં.** આમ, સદર સાહેદણ ફરીયાદ પક્ષના કેસની વિગતોને લેશમાન પણ સર્મથન કરતાં ન હોઈ તેણીને હોસ્ટાઈલ જાહેર કરી ફરીયાદ પક્ષે વિ. એ. પી. પી. શ્રીએ તેણીના પોલીસ રૂબરૂના નિવેદનની હકીકતે કોન્ટાડીકટ કરેલ છે પરંતુ તે પરથી પણ કોઈ ફળદાયી વિગતો બહાર આવતી નથી કે જે ફરીયાદ પક્ષને મદદરૂપ થાય.

**(૧૧.૭)** ફરીયાદ પક્ષે આરોપીઓ અથવા તો આરોપીની પાસે નાણા જમા કરાવનાર સાહેદો પૈકીના સાહેદ જેરામભાઈ ખોડાભાઈને આંક–૮૧ થી સોગંદ પર તપાસતા તેઓ પોતાની જુબાનીમાં સરતપાસના ભાગે સ્પષ્ટપણે જણાવે છે કે, આશરે છ–સાત વર્ષ અગાઉ મેં મારા પત્નિના નામે માસિક રૂા.૧૦૦/– જમા કરાવવાની સ્કીમમાં પૈસા રોકેલ જે પૈસા આશીકભાઈ જે નાની બચત ખાતાના એજન્ટ છે તેમની પાસે જમા કરાવેલ અમે પૈસા જે જમા કરાવતાં હતાં તે જમા પૈસા બાબતે મે પાસબુક માંગતા તેઓએ જણાવેલ કે રૂપિયા પાંચસો જમા કરેલા અને બાકીના રુા.૪.૪૦૦/– જે આશીકભાઈ બેલીમે તેમના મારી પાસે લઈ જમા કરાવેલા, પોલીસે મારો જવાબ લીધેલ, મારા પૈસા મને મળી ગયેલ છે. જયારે કે, બચાવ પક્ષે કરેલ ઉલટ તપાસ જોતાં સદર સાહેદ સ્વીકારે છે કે, **આરોપીઓએ મારા કોઈ પૈસા પોતાના અંગત ઉપયોગ માં વાપરેલ નથી અને મેં જેટલા પૈસા જમા કરાવવા આપેલા તે મને તમામ રકમ પોસ્ટ ઓફિસમાંથી મને મળી ગયેલ છે, પોલીસે માત્ર મારૂં નામ–ઠામ પુછેલ મારો કોઈ જવાબ લીધેલ નહીં.**

**(૧૧.૮)** ફરીયાદ પક્ષે સાહેદ– સજજનબેન શામજીભાઈને આંક–૮૪

થી સોગંદ પર તપાસતા તેણી પોતાની જુબાનીમાં સરતપાસના ભાગે સ્પષ્ટપણે જણાવે છે કે, હું આરોપીઓ ને ઓળખતી નથી, હું નટવરભાઈ કરમશીભાઈને ઓળખું છું તેઓ પોસ્ટના નાકે બેઠા હોય તેથી હું ઓળખું છું, મારે અગાઉ પોસ્ટમાં ખાતુ હતું મે જેટલા પોસ્ટમાં જમા કરાવેલા તેટલા જમા થઈ ગયેલ હાલ મારે પોસ્ટમાં કોઈ ખાતું નથી.

સદર સાહેદની બચાવ પક્ષે કરેલ ઉલટ તપાસ જોતાં **સદર સાહેદ સ્વીકારે છે કે, આ કામમાં મને કોઈ જાત માહિતી નથી કોણે ફરીયાદ કરી તે હું જાણતી નથી, મારે કોઈ લેણું રહેતું નથી બીજા કોઈને છેતરપીંડી થઈ નથી.**

**(૧૧.૯)** ફરીયાદ પક્ષે સાહેદ હીરાબેન રામજીભાઈને આંક–૮૫ થી સોગદ પર તપાસતા તેથી પોતાની જુબાનીમાં સરતપાસના ભાગે સ્પષ્ટપણે જણાવે છે કે, હું આરોપીઓ ને કે ફરીયાદીને ઓળખતી નથી, દસેક વર્ષ પહેલા મારૂં પોસ્ટમાં ખાતુ હતુ હાલ મારૂં ખાતુ નથી જેમાં મે જેટલા પૈસા ભર્યા તેટલા મળી ગયેલ છે બીજા કોઈને ગયા હોય કે છેતરપીડી થઈ હોય તે મને ખબર નથી તેવું મે સાંભળેલ ની કે મારી જાણમાં નથી.

સદર સાહેદની બચાવ પક્ષે કરેલ ઉલટ તપાસ જોતાં **સદર સાહેદણ સ્વીકારે છે કે, આ કામમાં મને કોઈ જાત માહિતી નથી કોણે ફરીયાદ કરી તે હું જાણતી નથી, મારે કોઈ લેણું રહેતું નથી બીજા કોઈનું બૂચ કે છેતરપીંડી કરેલ નથી.**

**(૧૧.૧૦)** ફરીયાદ પક્ષે સાહેદ – શંકરભાઈ ગુકાભાઈ સાપરાને આંક–૮૮ થી સોગંદ પર તપાસતા તેઓ પોતાની જુબાનીમાં સરતપાસના ભાગે સ્પષ્ટપણે જણાવે છે કે, બનાવ ની ચોકકસ તારીખ મને ખ્યાલ નથી પરંતુ બનાવને હાલ ૧૦ વર્ષ જેટલો સમય થયો હશે, મારે પોસ્ટ ઓફિસમાં ખાતુ હતું તેના પૈસા ભરવા અમોએ તે રકમ આપેલી જે રકમ અને પરત મળી ગયેલી છે હાલ કેટલી રકમ હતી તે મને યાદ નથી આ કામની ફરીયાદ કોને કરેલી તે મને ખબર નથી.

સદર સાહેદની બચાવ પક્ષે કરેલ ઉલટ તપાસ જોતાં સદર સાહેદ સ્વીકારે છે કે, **મારે અને બેલીમભાઇને પૈસાની લેતીદેતીનો અંગે વ્યવહાર**

**હતો, તેના પૈસા મને મળી ગયેલ છે.મારે તે અંગે કોઈ તકરાર નથી, હાલના કામે પોલીસે મારૂં નામ-ઠામ પૂછેલ તે સિવાય બીજો મેં કોઈ જવાબ લખાવેલ નથી.**

**(૧૧.૧૧)** ફરીયાદ પક્ષે સાહેદ અમૃતબેન શંકરભાઈને આંક-૮૯ થી સોગંદ પર તપાસતા તેણી પોતાની જુબાનીમાં સરતપાસના ભાગે સ્પષ્ટપણે જણાવે છે કે, હાલનો બનાવ દસેક વર્ષ પહેલા બનેલો, મે બેલીમભાઈને પૈસા આપેલા જે પૈસા તેમને મને પરત આપી દીધેલા તે અંગે મારે કોઈ પૈસા લેવાના રહેતા નથી, હાલની ફરીયાદ કોને કરેલી તે મને ખબર નથી, પોસ્ટ ઓફિસમાં મારે કોઈ ખાતુ ન હતું બીજી કોઈ જગ્યાએ મારે કોઈ બચત ખાતુ ન હતું, પોલીસે મારા અંગુઠાનું નિશાન લીધેલું બીજું કાંઈ જણાવેલ નહી કે મે કાંઈ જણાવેલ નહી કે પોલીસે પુછેલ નહી.

સદર સાહેદની બચાવ પક્ષે કરેલ ઉલટ તપાસ જોતાં સદર સાહેદણ સ્વીકારે છે કે, **મે બેલીમભાઈને પૈસા ઉછીના આપેલા હતા તે પૈસા મને તેઓએ પરત મળી ગયેલ. મારે અને બેલીમભાઈને પૈસાની લેતીદેતીનો અંગેનો વહેવાર છે, પોલીસે મારૂં નામ-ઠામ પુછેલ તે સિવાય બીજું કાંઈ પુછેલ નહી મારે તે અંગે કોઈ તકરાર નથી.**

**(૧૧.૧૨)** ફરીયાદ પક્ષે સાહેદ વિનુભાઈ બચુભાઈને આક-૯૦ થી સોગંદ પર તપાસતા તેઓ પોતાની જુબાનીમાં સુરતપાસના ભાગે સ્પષ્ટપણે જણાવે છે કે, પોલીસ મારા પત્નિ રંજનબેનનો સાક્ષી સમન્સ લઈ આવેલી અને આજરોજ કોર્ટમાં હાજર રખાવવા જણાવેલું પરંતુ મારા પત્નિ રંજનબેન સાથે મારે નણ સાડાનણ વર્ષથી છૂટુ થઈ ગયેલ હોય તે હાલ મારે ત્યાં રહેતી નથી તે કયા રહે છે તેની મને ખબર નથી તેની ખબર તેના ભાઈઓને હોય. અહીં સાહેદ એમ પણ જણાવે છે કે, મે પૈસા ભરવા મારા પત્નિને આપેલા મારા પત્નિએ બેલીમભાઈ આપેલ, બેલીમભાઈ પાસેથી મને મારા પૈસા મળી ગયેલા છે મારા કોઈ પૈસા બાકી રહેતા નથી, મારા સાળાનું નામ ગોપાલભાઈ ભુદરભાઈ છે તે મુળચંદ ગામે રહે છે.

સદર સાહેદની બચાવ પક્ષે કરેલ ઉલટ તપાસ જોતાં સદર સાહેદ

સ્વીકારે છે કે, **મે બેલીમભાઈને પૈસા ઉછીના આપેલા હતા તે પૈસા મને મળી ગયેલ છે, પૈસા બેલીમભાઈને આપેલા તેમની સાથે મારે પૈસાની લેતીદેતી નો સંબંધ હતો, મેં બેલીમભાઈને રૂબરૂ પૈસા આપેલા ન હતાં, બેલીમભાઈને મારા પત્નિએ ઉછીના પૈસા આપવા માટે જણાવેલ તેથી તેને પૈસા આપેલા, મારે બીજી કોઈ તકરાર નથી.**

**(૧૧.૧૩)** ફરીયાદ પક્ષે આરોપીઓ અથવા તો આરોપીની પાસે નાણા જમા કરાવનાર સાહેદો પૈકીના સાહેદ ધનીબેન રમણીકભાઈને આંક–૯૩ થી સોગંદ પર તપાસતા તેણી પોતાની જુબાનીમાં સરતપાસના ભાગે જણાવે છે કે, બનાવ આશરે પાંચેક વર્ષ અગાઉ બનેલો અમે જે પૈસા આપતાં હતાં તે કોર્ટમાં હાજર બેલીમભાઈને હું પૈસા આપતી અમે તેમને પૈસા જમા કરવા માટે આપતાં હતાં, હું દર મહિને રૂા.૧૦૦/– આપતી હતી તેઓ દર મહિને એક કંપનમાં પૈસા જમા કરતાં હતાં અને પૈસા જમા કર્યાની ચોપડી તેઓની પાસે રાખતા હતાં મે આ પૈસા પાંચ વર્ષ સુધી ભરેલા મે પાંચ વર્ષ સુધી જે પૈસા ભરેલા જે કેટલા ભરેલા તે મને યાદ નથી, આજથી એક વર્ષ અગાઉ આ કામના આરોપીએ મને પૈસા પરત કરેલ છે પૈસા ભર્યા જે તે સમયે તેઓએ પૈસા નથી તેમ જણાવેલ જેથી અમે કેસ કરેલો, પોપટપરામાં બીજા ઘણા બધાએ કેસ કરેલો તે બધાંયને આ રીતે પૈસા મળેલ નહીં જેથી કેસ કરેલો, મેં કેસ કરેલ ત્યારે ચોપડીની ઝેરોક્ષ આપેલી જેની અસલ મારી પાસે છે કે બેલીમભાઈ લઈ ગયેલ છે તે યાદ નથી, પોલીસે મારો જવાબ લીધેલ તેમ જણાવી આરોપીને ઓળખી બતાવે છે.

સદર સાહેદની બચાવ પક્ષે કરેલ ઉલટ તપાસ જોતાં સદર સાહેદણ જણાવે છે કે, **હું દર માસે રૂા.૧૦૦/– મારા પુત્ર વિશાલના નામે જમા કરાવતી હતી તેનો કોઈ આધાર મારી પાસે નથી અને સ્વીકારે છે કે, મારા દિકરાના નામનું કોઈ રકમની ઉચાપત આરોપીએ કરેલ તેની કોઈ જાણ મેં પોસ્ટ ખાતામાં કરેલ નથી, બધા પાડોશીઓની સાથે પાલીસ સ્ટેશને ગયેલ, પોલીસને મેં કાંઈ લખાવેલ નથી કે હું બનાવ સંબંધે કાંઈ જાણતી નથી.**

**(૧૧.૧૪)** ફરીયાદ પક્ષે સાહેદ રૂપાબેન ત્રિભોવનભાઈ દેગામાને આંક–

૯૪ થી સૌગંદ પર તપાસતા તેણી પોતાની જુબાનીમાં સરતપાસના ભાગે જણાવે છે કે, બનાવ દસેક વર્ષ અગાઉ બનેલો અમે બેલીમભાઈને દર મહિને રૂા.૩૦૦/– પૈસાના વધારા માટે ભરતા હતાં, મેં દશ હજાર જેટલા પૈસા ભરેલા, બેલીમભાઈ જે તે સમયે અમે બધાએ જે પૈસા ભરેલા તે લઈને જતા રહેલા જેથી જે તે સમયે અમારા બાજુવાળા અને બીજા બધાએ ભેગા થઈને કેસ કરેલો, દર મહિને બેલીમભાઈ ચોપડી લઈને આવતા હતાં અને તેમાં અમે પૈસા જમા કરાવતા હતાં તે ચોપડી મારી પાસે રહેતી હતી ત્યારબાદ આજથી પાંચેક વર્ષ અગાઉ બેલીમભાઈ અમોને રૂ.૧૦૦૦ 0/–આપવા આવેલા જેથી પૈસા જમા કર્યાની ચોપડી અમે તેમને પાછી આપેલી, બચત પૈસા લેવા માટે કેસ કરેલો, પોલીસે મારો જવાબ લીધેલો તેમ જણાવી આરોપીને ઓળખી બતાવે છે.

સદર સાહેદની બચાવ પક્ષે કરેલ ઉલટ તપાસ જોતાં સદર સાહેદણ જણાવે છે કે, હું **ભણેલી નથી ખાતુ મારા દિકરા જીગ્નેશના નામનું હતું, ખાતામાં જેટલી રકમ હતી તે મને મળી ગયેલ છે, અમે જમા કરાવેલ રકમ અંગે અમોએ કોઈ તપાસ પોસ્ટમાં કરેલ નથી મેં કેટલા માસ સુધી રુ. ૩૦૦/– જમા કરાવેલ તે મને યાદ નથી પૈસા જમા કરાવ્યાનો મારી પાસે કોઈ આધાર નથી. મારી રકમ ઉચાપત થયાની કોઈ ફરીયાદ મે પોસ્ટમાં કયારેય કરેલ નથી,** બધા પાડોશીઓ સાથે પોલીસ સ્ટેશને ગયેલી, પોલીસે મને કાંઈ પુછેલ નથી કે મે કાંઈ પોલીસમાં લખાવેલ નથી. પોસ્ટ ખાતાનો નંબર કે તેની વિગત મને યાદ નથી.

**(૧૧.૧૫)** ફરીયાદ પક્ષે સાહેદ લાભુબેન દિલાભાઈ નંદેસરીયાને આંક–૯૬ થી સોગંદ પર તપાસતા તેણી પોતાની જુબાનીમાં સરતપાસના ભાગે જણાવે છે કે, આ કામના આરોપીને અમારા પડખેના પાડોશીઓ પૈસા ભરતા હતાં તેથી હું પણ પૈસા ભરતી હતી તે રીતે હું મારા કાકીજી શારદાબેન તેઓ પૈસા ભરતાં હતાં, આ પૈસા અમોએ દશ–બાર વર્ષ પહેલા ભરેલા, હું બેલીમભાઈને દર મહિને રુા.૧૦૦/– ભરતી હતી અમે ચોપડીમાં હપ્તા ભરતા હતાં તે ચોપડી હાલ કયા ગઈ તેની મને ખબર નથી, બેલીમભાઈ હપ્તો લઈને

ચોપડીમાં લખતાં હતાં, આ રા. ૧૦૦/– મે કેટલી વખત ભરેલા તે મને યાદ નથી પરંતુ મને પૈસા મળી ગયેલ છે મને રા. ૧ ,૯૦૦/– મળેલ છે મને આજથી એક મહિના અગાઉ રા. ૧,૯૦૦/– મળેલા છે આ રુા.૧,૯૦૦/– કોણે આપેલ તે હાલ મને તેમનું નામ યાદ નથી કોર્ટમાં હાજર છે તે આરોપી નં. ૧ (બેલીમભાઈ) એ મને પૈસા આપેલા જે તે સમયે ચોપડી મારી પાસે રહેતી હતી ત્યારબાદ અમો ગામડામાં જતા રહેલા જેથી મને કાંઈ ખબર રહેલી નહીં જે તે સમયે પોલીસે મારો જવાબ લીધેલ નથી.

સદર સાહેદની બચાવ પક્ષે કરેલ ઉલટ તપાસ જોતાં સદર સાહેદણ જણાવે છે કે, **હું કોઈ ભણેલી નથી, હું જે કાંઈ પૈસા જમા કરાવવા આપતી હતી તે પૈસા મારા ખાતામાં જમા થઈ ગયેલા હતાં. આરોપીઓ અમારા સંબંધી છે તેથી તેઓને ઓળખું છું, બેલીમભાઈએ રા. ૧૯૦૦/–મને આપેલા છે જે અમારા અંગત લેતીદેતીના આપેલા છે, પોલીસે મારી કોઈ પુછપરછ કરેલ નથી કે મેં કોઈ ફરીયાદ આપેલી નથી.**

**(૧૧.૧૬)** ફરીયાદ પક્ષે સાહેદ સગરામભાઈ કરમશીભાઈ જીલને આક–૯૭થી સોગંદ પર તપાસતા તેઓ પોતાની જુબાનીમાં સરતપાસના ભાગે જણાવે છે કે, આ કામના આરોપી નં. ૧ ને ઓળખું છું, આજથી દશ–બાર વર્ષ અગાઉ મારી દિકરીના નામનું રૂા.૩૦૦/–નું ખાતું ખોલાવેલ હતું બ્લીમભાઈને ત્યાં પોસ્ટનું ખાતુ ખોલાવેલું, હું મારા દિકરીના નામના રૂા.૩૦૦/– બેલીમભાઈને આપતો હતો અને કાર્ડમાં સહી કરાવતા હતાં મેં તેઓને કલ રા.૧૫,૦૦૦/– ભરેલા ત્યારબાદ એક વર્ષ અગાઉ બનાવના છ મહિને મારા પૈસા આપી ગયેલ છ મહિના બાદ બેલીમભાઈ પૈસા લેવા ન આવતાં અમને જાણવા મળેલ કે તેમનું ખાત બંધ થઈ ગયેલ છે તેમનું ખાતુ શા કારણે બંધ થઈ ગયેલ તેનો મને ખ્યાલ નથી, તેમનું ખાતે બંધ થઈ જવાનું જાણવા મળતાં મેં તેઓની પાસે પૈસા માંગેલા જેથી તેઓએ અમારા હિસાબે જે પૈસા નીકળતાં હતાં તે પૈસા વ્યાજ સહિત બે કટકે પરત કરેલ છે, બનાવ સમયે પોલીસે મારો જવાબ લીધેલ તેમ જણાવી આરોપી નં.૧ બેલીમભાઈને ઓળખી બતાવે છે.

સદર સાહેદની બચાવ પક્ષે કરેલ ઉલટ તપાસ જોતાં સદર સાહેદ જણાવે છે કે, **હું અંગુઠા છાપ છું ભણેલ નથી હું કૃષ્ણનગરમાં રહ છું અને આરોપીઓ કૃષ્ણનગરમાં રહે છે જેથી તેઓને હું પાડોશી તરીકે ઓળખું છું, હું જેટલા પૈસા ખાતામાં બેલીભાઈને આપેલા તે તમામ પૈસા બેલીમભાઈએ ખાતામાં જમા કરાવી આપેલા અને સ્વીકારે છે કે, પોલીસે મારૂં ફકત નામ-સરનામું પૂછેલું આ સિવાય બીજી કાંઈ પુછપરછ કરેલી નહીં,** આ કામના આરોપીઓ અમારા પાડોશી સંબંધી હોય તેથી અમારે તેઓની સાથે પૈસાની લેતીદેતીના સંબંધ છે, મેં તેઓને જેટલા પૈસા આપેલા તેટલા પૈસા તેઓએ મને પાછા આપેલા છે.

**(૧૧.૧૭)** ફરીયાદ પક્ષે સાહેદ જશુબેન બાબુલાલને આંક-૧૦૨ થી સોગંદ પર તપાસતા તેણી પોતાની જુબાનીમાં સરતપાસના ભાગે જણાવે છે કે, સને-૧૯૯૯ ની સાલમાં મારી શેરીમાં રહેતા આશીકભાઈ બેલીમ અને તેમના પત્નિએ મને નાની બચતની સમજ આપેલ તેથી મે તા.૫/૭/૯૯ થી રા.૨૦૦/- થી ખાતુ ખોલાવેલ, તા.૭/૭/૯૯ થી રા.૧૦૦/- નું ખાત ખોલાવેલ હું આ કામના આરોપીઓને આપતી તે બદલ તેઓ મને એક કાર્ડમાં નોંધ કરી આપતા હતાં, મેં માર્ચ-૨૦૦૧ સુધી હપ્તા જમા કરાવેલા, મારા ખાતા નંબરની પાસબુકો આ કામના આરોપીઓ પાસે રહેતી હતી તેઓને હું ઘણી વખત પાસબુક આપવા વિશે જણાવતી ત્યારે તેઓ કહેતા હતાં કે પાસબુક મારી પાસે છે તમારા હપ્તા ભરાઈ જાય છે મને વાત વાતથી જાણવા મળેલ કે આ કામના આરોપીઓ ગ્રાહકોના નાણાની ગેરરીતી કરી પોતાના અંગત ઉપયોગમાં વાપરી નાખેલ છે અને બચતદારોએ ફરીયાદ કરેલ છે જેથી મારી પાસબુકો આ કામના આરોપીઓ પાસે માંગેલ પરંતુ તેમને મને આપેલ નથી, મારા ખાતામાં કેટલા પૈસા જમા કરાવેલ તે મારી પાસે પાસબુક ન હોવાથી હું કહી શકું નહી, પોલીસે મારો આ અંગે જવાબ લીધેલ તેમ જણાવી આરોપીઓને ઓળખી બતાવે છે.

સદર સાહેદની બચાવ પક્ષે કરેલ ઉલટ તપાસ જોતાં સુંદર સાહેદ જણાવે છે કે, **મારા ખાતામાં રુા. ૬.૩૦૦/- હતાં જે મને કટકે કટકે**

**આરોપીઓને આપેલા તે પૈસા મળી ગયેલ છે અને સ્વીકારે છે કે,હું કોઈ દિવસ પોસ્ટ ઓફિસમાં ગયેલ નથી કે મેં બચત ખાતુ ખોલાવેલ નથી મેં કોઈ રકમ આરોપીને બચતની રકમ આપેલ નથી, પોલીસ વાળા માત્ર મારૂં નામ–ઠામ પુછી ગયેલા મે કોઈ હકીકત પોલીસને લખાવેલ નથી મે કોઈ રકમ આરોપીને આપેલ હોય અને તે રકમ આરોપીઓએ અંગત ઉપયોગમાં વાપરેલ હોય તેવું બનેલ નથી,** આરોપીઓ મારા પાડોશી હોય તેમને મેં રકમ કટકે કટકે તેમની પાસે મે રકમ બચત માટે મુકેલી.

**(૧૧.૧૮)** ફરીયાદ પક્ષે સાહેદ ધનુબા દાદુભા વાઘેલાને આંક–૧૪૦ થી સોગદ પર તપાસતા તેણી પોતાની જુબાનીમાં સરતપાસના ભાગે જણાવે છે કે, હું આશીકભાઈ બેલીમને બેલીમભાઈ તરીકે ઓળખું છું, આશીકભાઈનો દિકરો ઈમ્તીયાઝ ઉર્ફે મુન્નો મારા દિકરાનો મિત્ર હોઈ ઓળખું છું, આશીફભાઈ પોસ્ટમાં મુકવા માટે પૈસા લેવા આવતાં તેથી તેમને ઓળખું છું, મેં બચત કરવાના હેતુથી આશીફભાઈ બેલીમ પાસે માસિક રૂા. ૫૦/– લેખે ધરતીકંપ પહેલાના આશરે બે વર્ષ પહેલાથી ખાતું ખોલાવેલ જેમાં મે આશરે દોઢ હજાર જેટલી રકમ જમા કરાવેલ હું જે પૈસા ભરવા આપતી તેનો કોઈ હિસાબ મેં રાખેલ નહીં કે તે બાબતે મારી પાસે કોઈ દસ્તાવેજો નથી, આશીકભાઈ બેલીમ પાસે અમે પૈસાની માંગણી કરતાં અમને એમ થયેલ કે તે પૈસા નહીં આપે તેથી અમે પોલીસ સ્ટેશને ગયેલા પરંતુ ત્યારબાદ તેઓ ઘરે આવીને પૈસા આપી ગયેલ છે મે મારી દિકરી ચારૂલત્તાના નામે પોસ્ટમાં મુકવા રૂા.૧,૦૦૦/– આપેલ પરંતુ બેલીમભાઈએ સદર પૈસા પોસ્ટમાં મુકેલ નહીં અને આવેલ પણ નહીં ત્યારબાદ આ કેસ થયેલ અને કેસ થયા પછી બેલીમભાઈ મને પૈસા પાછા આપી ગયેલ, પોલીસે બનાવ બાબતે મારૂં નિવેદન લીધેલ તેમ જણાવી આરોપીઓને ઓળખી બતાવે છે.

સદર સાહેદની બચાવ પક્ષે કરેલ ઉલટ તપાસ જોતાં સદર સાહેદ સ્વીકારે છે કે, **જેટલા પૈસા હું બેલીમભાઈને પોસ્ટમાં ભરવા આપતી હતી તે તમામ પૈસા પોસ્ટમાં ભરેલા અને બેલીમભાઈએ મને પરત આપી દીધેલ છે. પોલીસે મને ફકત નામ અને સરનામું પૂછેલ એ સિવાય બીજું કાંઈ પુછેલ**

**નહી. બનાવની મને કોઈ જાત માહિતી નથી.**

**(૧૧.૧૯)** ફરીયાદ પક્ષે સાહેદ લાભુબેન વા./ઓ. હરજીભાઈને આક– ૧૫૦ થી સોંગદ પર તપાસતા તેણી પોતાની જુબાનીમાં સરતપાસના ભાગે જણાવે છે કે, મે વર્ષ–૦૨ માં બેલીમભાઈ અને તેના પત્નિને બેંકમાં રૂા. ૨૫,૦૦૦/– મુકવા આપેલા, આરોપીઓ કોઈ એજન્સીમાં નોકરી કરતા હતા તેથી રુા. ૨૫,૦૦૦/– આપેલા પછી આ રકમ મને પાછી આપી દીધેલ, પોલીસે મારી પુછપરછ કરેલ નથી.

સદર સાહેદની બચાવ પક્ષે કરેલ ઉલટ તપાસ જોતાં સદર સાહેદણ સ્વીકારે છે કે, **બેલીમભાઈને હું મારી નણંદના લીધે ઓળખું છું. બેલીમભાઈને મેં બેંકમાં પૈસા જમા કરવા આપેલા જે મને પાછા મળી ગયેલ છે એ સિવાય હું કશું જાણતી નથી.**

**(૧૧.૨૦)** ફરીયાદ પક્ષે આરોપીઓ અથવા તો આરોપીની પાસે નાણા જમા કરાવનાર સાહેદો પૈકીના સાહેદ જગદંબાબેન સુરજપાલ પ્રજાપતિને આંક–૧૦૩ થી સોગંદ પર તપાસતા તેણી પોતાની જુબાનીમાં સરતપાસના ભાગે જણાવે છે કે, તા.૧૫/૨/૨૦૦૦ ના રોજ મારી દિકરી દિપકીનાનું ખાતુ રા.૨૦૦/– નું. તા.૧૯/૧૨/૨૦૦૦ ના રોજ મારા નામનું રુ. ૧૦૦/– , તા. ૧/૧/૨૦૦૦ નું મારા દિકરા ધિરજનું રૂા.૧૦૦/– નું ખાતું ખોલાવેલ તે તા. ૧૩/૮/'૦૧ નાં રોજ મારી દિકરી અનીતાનું રા. ૨૦૦/– નું નાની બચતનું પંચ વર્ષીય યોજના હેઠળનું ખાત આ કામના આરોપીની પાસે ખોલાવેલ અને દર મહિને હું આરોપી નં. ૧ ને (બેલીમભાઈને) મારો બચતના પૈસા આપતી હતી તેઓ અમને કાર્ડ આપેલ તેમાં પૈસા જમા કરીને પરત આપતા હતાં અને આ ખાતાની પાસબુક આ કામના આરોપીઓ પાસે રહેતી હતી. વધુમાં સાહેદણ જણાવે છે કે, ત્યારબાદ મને આ કામના આરોપીઓએ હપ્તા ઉઘરાવેલ તેની ગેરરીતી કરેલ છે તેમ જાણવા મળતાં મેં આરોપીઓ પાસે માંગણી કરેલી ત્યારે મળતી નથી તેમ જણાવેલ, ત્યારબાદ મેં મારા ખાતામાં તપાસ કરતાં કાર્ડમાં લખ્યા મુજબની મેં મારા કાર્ડમાં રા.૧,૯૦૦/– જમા કરાવેલ જયારે ખાતામાં રુા.૧,૫૦૦/– જમા કરેલ

હતાં, મારી દિકરીના ખાતામાં રા.૫,૮૦૦/–હતાં તેમાં આ કામના આરોપીઓએ રુા.૫,૨૦૦/– જમા કરાવેલા બાકી રૂા. ૬૦૦/– જમા કરેલ નહીં, મારા દિકરા ધીરજના ખાતામાં રા.૧,૮૦૦/– જમા કરાવેલ જયારે આરોપીઓએ રા. ૧,૬૦૦/– જમા કરાવેલ આમ રુા. ૪૦૦/– જમા કરાવેલ નહીં, મારી દિકરી અનીતાના ખાતામાં રા. ૨,૦૦૦/– જમા કરાવેલ જયારે બેલીમભાઈએ ખાતામાં રા. ૧,૬૦૦/– જમા કરાવેલ આમ રા. ૪૦૦/– જમા કરાવેલ નહીં, આમ બેલીમભાઈએ અમારા ચારેયના ખાતામાં કુલ રુ.૨,૦૦૦/– જમા કરાવેલ નહીં અને મારી સાથે છેતરપીંડી કરેલી અને આ કામના આરોપી નથા પત્તિ, પુન નણે જણા ઘણા બધા પાસેથી પૈસા મેળવેલ અને નાણાંની ગેરરીતી કરી છેતરપીડી કરેલ, પોલીસે મારો જવાબ લીધેલ.

સદર સાહેદની બચાવ પક્ષે કરેલ ઉલટતપાસ જોવામાં આવે તો સદર સાણંદણ સ્વીકારે છે કે, **હું કયારેય પોસ્ટ ઓફિસમાં ખાતામાં પૈસા જમા કરાવેલ નથી, પોલીસે મારી પાસે આવી મારો જવાબ લીધેલ હોય તેવું બનેલ નથી,** હું હિન્દી ભાષી છું, **મારી કાર્ડમાં જમા કરાવેલી રકમ મને પાછી મળી ગયેલ છે, પોલીસે મને હિન્દીમાં મારી પુછપરછ કરી મારો જવાબ લીધેલ હોય અને ત્યારબાદ મેં પોલીસને આ હકીકત લખાવેલ હોવાનું બનેલ નથી,** આરોપીઓ મારા પાડોશમાં રહેતા હોય હું તેમને ઓળખું છું, પોલીસ તપાસમાં કોઈ બચત બુક કે કાર્ડ રજુ કરેલ નથી.

**(૧૧.૨૧)** ફરીયાદ પક્ષે આરોપીઓ અથવા તો આરોપીની પાસે નાણા જમા કરાવનાર સાહેદો પૈકીના સાહેદ બચુલાલ ફતેચંદ બહેવાસીને આંક– ૧૦૪ થી સોગંદ પર તપાસતા તેઓ પોતાની જુબાનીમાં સરતપાસના ભાગે જણાવે છે કે, બનાવ બને કેટલો સમયે થયો તે મને હાલ યાદ નથી, હું સરકારી કર્મચારી તરીકે જીલ્લા શિક્ષણાધિકારીની કચેરી – સુ.નગરમાં હેડ કલાક તરીકે હતો જે નિવૃત્ત થયાને આશરે ૧૦ થી ૧૨ વર્ષ થયા મારી નિવૃત્તિ થયાનીતા. ૩૧/૧૦/૦૧ ની છે, આ કામના આરોપી – આસીફભાઈ સાથે ભણતા હતાં તેથી ઓળખું છું, આસીફભાઈ પોસ્ટ ઓફિસમાં નાની બચત

યોજનામાં એજન્ટ તરીકેનું કામ કરતા હતાં મેં આસીફભાઈને જે પૈસા ભરેલા તે પૈસા મને પરત કરી દીધેલા છે હું આસીફભાઈને પૈસા આપતો હતો તેને કેટલો સમય થયો તે હાલ મને યાદ નથી મારા પૈસા કોર્ટ મારફતે કોર્ટની બહાર વકીલ મારફતે ચુકવાય ગયેલ છે મને આસીફભાઈએ કેટલા પૈસા આપેલ હાલ તે યાદ નથી મારા પુત્નિ મારા દિકરાઓના ખાતા હતાં. વધુમાં સાહેદ જણાવે છે કે, આસીફભાઈ બચતનું કામ કરતા હતાં ત્યારે મહિનાની આખર તારીખમાં આવતાં હતાં પરંતુ પગાર થાય ત્યારે અમો હપ્તા આપતાં હતાં, આસીકભાઈ પૈસા મારી પાસેથી લેતાની નોંધ કાર્ડમાં કરી આપતા હતાં તેઓની પાસે પોસ્ટ ઓફિસની પાસબુક રહેતી હતી મે એક મારૂં પોતાનું ખાતું ખોલાવેલ, મારા દિકરા ધર્મેન્દ, જીતેન્દ તથા અમીતના ખાતા પણ ખોલાવેલા તથા મારી દિકરી સરોજબેનનું ખોલાવેલ અને દરેકના ખાતામાં વીસ રૂપીયા, ત્રીસ રૂપીયા, પચાસ રૂપીયા અલગ અલગ ભરતા હતાં દર મહિને પૈસા ભરતાં હતાં નાણા ભરવાની પાંચ વર્ષ સુધીની સ્કીમ હતી, અમોએ સ્કીમ પુરી થાય ત્યાં સુધી ભરવાના હતાં તેથી વધુ પણ પૈસા ભરેલા ત્યારબાદ મેં પોસ્ટમાં અરજી આપેલી કે મને મારા પાસે ભરેલા પૈસા મળેલ નથી તે અંગેની મેં અરજી આપેલ આ અરજી આપ્યા પછી આશરે ચાર-પાંચ વર્ષ પછી આસીફભાઈ પાસેથી પૈસા પરત મળેલા, અરજી આપ્યા પછી પોલીસ મારી આવેલ નથી કે મેં કાંઈ પુછેલ નથી, પાસબુક અને કાર્ડ મેં આસીફભાઈને આપેલ જે કાડમાં અને પાસબુકમાં અમે જે પૈસા આપતાં હતાં તે પૈસા લઈને કાર્ડમાં સહી કરતાં હતાં તેમ જણાવી આરોપીને ઓળખી બતાવે છે અને મને જે જે સમયે જે કાર્ડ અને પાસબુકમાં એન્ટી કરાવતા હતા તેમાં આસીફભાઈ સહી કરતા હતાં તે સહી મને બતાવવામાં આવે તો હું ઓળખી શકું તેમ જણાવે છે. અહીં, સાહેદને કાર્ડ નં. ૦૦૪૬૨૩૮ છે તે બતાવવામાં આવે છે જે ધર્મેન્દ બચુલાલ બહેવાસીના નામનું છે તે મારો દિકરો છે તેનું છે તેમાં મે રૂા. ૫૦/- લેખે કર હપ્તા ભરેલા છે અને તે હપ્તાની રકમ મેં બેલીમભાઈને આપેલી અને આ કાર્ડમાં બેલીમભાઈની સહી છે તેમ જણાવી કાર્ડ આંક-૧૧૬ થી રજુ રાખેલ છે, કોડ નં. ૦૦૪૬૨૩૯ છે તે બતાવવામાં આવે છે જે અમીત બચુલાલ બહેવાસીના નામનું છે તે મારો

દિકરો છે તેનું છે તેમાં મૈ રૂા. ૫૦/– લેખે ૬૫ હપ્તા ભરેલા છે અને તે હપ્તાની રકમ મેં બેલીમભાઈને આપેલી અને આ કાર્ડમાં બેલીમભાઈ ની સહી છે તેમ જણાવી કાર્ડ આંક–૧૧૭ થી રજૂ રાખેલ છે, કાર્ડ નં. ૧૯૯૩/ એ. એલ.ડી. ૦૦૪:૨૩૭ છે તે બતાવવામાં આવે છે જે દેવેન્દ્દકુમાર બચુલાલ બહેવાસીના નામનું છે તે મારો દિકરો છે તેનું છે તેમાં મે રૂા. ૫૦/– લેખે ૬૫ હપ્તા ભરેલા છે અને તે હપ્તાની રકમ મે બેલીમભાઈને આપેલી અને આ કાર્ડમાં બેલીમભાઈની સહી છે તેમ જણાવી કાર્ડ આંક–૧૧૮ થી રજુ રાખેલ છે, કાર્ડ નં. ૧૯૯૩/એ.એલ.ડી. ૦૦૪૨૧૮૮ છે તે બતાવવામાં આવે છે જે સુરજ કુમાર સરોજબેન ખીમચંદભાઈના નામનું છે તે મારી દિકરીનો ભાણો છે તેના નામનું છે તેમાં રા. ૧૦૦/– લેખે અમોએ ૬૨ હપ્તા ભરેલા છે અને તે હપ્તાની રકમ મે બેલીમભાઈને આપેલી અને આ કાર્ડમાં બેલીમભાઈની સહી છે તેમ જણાવી કાર્ડ આંક–૧૧૯ થી રજુ રાખેલ છે, કાર્ડ નં. ૧૯૯૫/એ.આર.એ. ૦૦૪૪૯૩૯ છે તે બતાવવામાં આવે છે જે મારા પોતાના નામનું છે તેમાં મેં રા. ૫૦/– લેખે રકમ ભરેલી જેની કાર્ડમાં ૪૬ હપ્તા ની નોંધ છે તેમાં બેલીમભાઈની સહી છે તેમ જણાવી કાર્ડ આંક–૧૨૦ થી રજુ રાખેલ છે, કાર્ડ નં. ૧૯૯૩/એ.એન.એ. ૦૦૮૧૬૧૨ છે તે બતાવવામાં આવે છે જે જીતેન્દ બચુલાલ બહેવાસીના નામનું છે તેમાં રૂા. ૫૦/– લેખે હપ્તો . ભરતા હતાં જેમાં ૩૬ હપ્તા સુધીની રકમની નોંધ છે અને તેમાં બેલીમભાઈની સહી છે તેમ જણાવી કાર્ડ આંક–૧૨૧ થી રજુ રાખેલ છે, કાર્ડ નં. ૧૯૯૩/એ.એન.એલ. ૦૦૮૧૩૬૧૩ છે તે બતાવવામાં આવે છે જે અનીલ બચુલાલ બહેવાસીના નામનું છે તેમાં અમો રા. ૫૦/– લેખે હપ્તો ભરતા હતાં તેમાં ૩૬ હપ્તા ભરેલા છે અને તેમાં બેલીમભાઈની સહી છે તેમ જણાવી કાર્ડ ૧૨૨ થી રજુ રાખેલ છે, કાર્ડ નં. ૧૯૯૩/એ.એલ.એલ. ૦૦૮૧૬ ૧૧૧ આંકછે તે બતાવવામાં આવે છે જે હીરાબેન બચુલાલ બહેવાસીના નામનું છે તે મારા પત્તિ થાય છે અને તેમના ખાતામાં અમોએ રૂા. ૫૦/– લેખે હપ્તો ભરતાં હતાં ૩૬ હપ્તા ભરેલા છે અને તેમાં બેલીમભાઈની સહી છે તેમ જણાવી કાર્ડ આંક–૧૨૩ થી રજુ રાખેલ છે, કોડ નં. ૧૯૯૩/એ.એમ.સી. ૦૦૪૨૧૯૪ છે તે બતાવવામાં આવે છે જે સુનીતાબેન જીતેન્દ્રભાઈ બહેવાસીના નામનું છે તે મારા દિકરાની

વહુ છે જેના ખાતામાં અમોએ રા. ૫૦/– લેખે કર હપ્તા ભરેલા છે અને તેમાં બેલીમભાઈની સહી છે તેમ જણાવી કાર્ડ આંક–૧૨૪ થી રજુ રાખેલ છે. ઉપરોકત દરેક કાર્ડ મને બેલીમભાઈએ આપેલા અને તેમાં અમો નાણાં ભરતાં તે રકમ લેતાં તે અંગે તેઓએ સહીઓ કરેલ છે આ કાર્ડ બેલીમભાઈ પાસે રહેતા, પોલીસે મારો કોઈ જવાબ લીધેલો નથી, મેં ઉપરોકત રજુ કરેલ કાર્ડની ઝેરોક્ષ મેં પોલીસ ઓફિસમાં આપેલ હતી.મેં પોલીસ સ્ટેશનમાં પૈસા મને મળેલ નહીં તે અંગે અરજી આપેલી તેની સાથે કાર્ડની ઝેરોક્ષ પણ આપેલ, અરજીમાં મેં પૈસા મળેલા નહીં તે અંગેની અરજી કરેલી હતી.

સદર સાહેદની બચાવ પક્ષે ઉલટતપાસ કરતાં સદર સાહેદ જણાવે છે કે, હું એક.વાય. બીકોમ સુધી ભણેલો છું અને **સ્વીકારે છે કે, મેં જે કાર્ડ રજુ કરેલા છે તેમાં એજન્ટના નામ લખેલા નથી પરંતુ ગ્રાહકના નામ લખેલા છે, પોસ્ટ ઓફિસના ખાતા રોજબરોજ કઈ રીતે ઓપરેટ થાય છે તેની મને ખબર નથી પરંતુ દર મહિને રેગ્યુલર રીતે બેલીમભાઈ લઈ જતા હતાં, મેં જે પૈસા ભરેલા હતા તે પૈસા પરત લેવા અંગેની તકરાર હતી, મેં પોલીસમાં અરજી આપ્યા પછી બે–તણ ચાર વર્ષ પછી મને મારા પૈસા પાછા મળી ગયેલ છે, હું રોજે રોજ પૈસા જમા કરાવતો ન હતો.**

**(૧૧.૨૨)** ફરીયાદ પક્ષે આરોપીઓ અથવા તો આરોપીની પાસે નાણા જમા કરાવનાર સાહેદો પૈકીના સાહેદ કલ્પનાબેન દેવીપ્રસાદ પંડયાને આંક–૧૩૧ થી સોગંદ પર તપાસતા તેણી પોતાની જુબાનીમાં સરતપાસના ભાગે જણાવે છે કે, હાલ હું કૃષ્ણનગરમાં બાપા સીતારામ ની મઢુલી સામે રહું છું, આ અગાઉ હું હુડકો કવાર્ટર બ્લોક નં. ૮૭ રૂમ નં. ૪૩૯ માં રહેતી હતી હું તે વખતે મારી દિકરી મેધના સાથે રહેતી હતી આશરે પંદરેક વર્ષ પહેલા હું હુડકોમાં રહેતી હતી ત્યારે મારા ધરે પોસ્ટ ખાતાના એજન્ટનું કામ કરતા બેલીમભાઈ આવેલા અને મને નાની બચત ખાતાની વાત કરેલી જે હેઠળ મેં મારી દિકરી મેધનાના નામે બચતખાતું ખોલાવેલ આ ખાતામાં પૈસા ભરવા હું પોતે બેલીમભાઈને દર મહિને રૂા.૧૦૦/– આપતી હતી, મે કુલ કેટલા રૂપીયા આપેલા તે હાલ યાદ નથી, આ જે મે ખાતુ ખોલાવેલ તેની પાસબુક

બેલીમભાઈએ મને આપેલ નહીં મને આ પૈસા જમા કરાવ્યાનું કાર્ડ બેલીમભાઈએ આપેલ જે અસલ ખોવાઈ ગયેલ છે તેની ઝેરોક્ષ નકલ આજરોજ સાથે લાવેલ છું તેમ જણાવી આંક–૧૩૨ થી રજુ રાખેલ છે અને મુદ્દામાલ આર્ટીકલ નં. ૩ ની પાસબુકો મેધનાબેન એલ. દવેના ખાતા નં. ૩૦૨૩૦૧૫ ની પાસબક બતાવતાં તે જોઈને તે મારી દિકરીની પાસબુક છે તેજ છે તેમ જણાવી આંક–૧૩૩ થી રજુ રાખે છે અને જણાવે છે કે તેમાં કોઈ રકમ જમા થયેલી નથી, મારી રકમ આ કામના આરોપી ઓએ પોતાના અંગત ઉપયોગમાં લઈ વાપરી નાખેલી, પોલીસે મારી પછપરછ કરેલી નથી.

સદર સાહેદની બચાવ પક્ષે ઉલટતપાસ કરતા સદર સાહેદણ સ્વીકારે છે કે, **મને મારું કાર્ડ આપેલ હતું કુલ કેટલા રૂપીયા આરોપીને આપેલા તે ખબર નથી, મે જેટલી રકમ આરોપી ઓને આપેલી તે બારોબાર રોકડમાં વ્યાજ સાથે મળી ગયેલ છે. આ સિવાય બચાવ પક્ષને મદદરૂપ થાય તેવી કોઈ જ બાબત સુંદર સાહેદણની ઉલટતપાસથી રેકર્ડ પર આવતી નથી.**

**(૧૧.૨૩)** ફરીયાદ પક્ષે સાહેદ વજાભાઈ ધનાભાઈ રથવીને આંક–૧૪૫ થી સોગંદ પર તપાસતા તેઓએ પોતાની જુબાનીમાં સરતપાસના ભાગે જણાવેલ છે કે, હું નાયબ મામલતદાર, નાની બચત, કલેકટર કચેરી, સુ.નગર મુકામે તા.૧૩/૧૧/૧૩ થી ફરજ બજાવું છું, અમારા ખાતા પર કોર્ટનો સમન્સ બજતા જે જરૂરી દસ્તાવેજી કાગળોની માંગણી કરતા હું કુલ–૫૨ દસ્તાવેજો લીસ્ટ સાથે રજુ કરૂ છું જે માર્ક–૧૪૫/૧ થી માર્ક–૧૪૫/૫૨ આપવામાં આવે છે આ દસ્તાવેજ અમારા ઓફિસ રેકર્ડમાંથી રજુ કરેલ છે આ સિવાય આ દસ્તાવેજો વિશે મને કોઈ માહિતી નથી.

સદર સાહેદની બચાવ પક્ષે કરેલ ઉલટતપાસ જોતાં સદર સાહેદ સ્વીકારે છે કે, **મેં જે દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે તે ઓફિસ રેકર્ડ પરથી રજુ કરેલ છે તે સિવાય મને બનાવ બાબતે કોઈ માહિતી નથી.**

**(૧૧.૨૪)** ફરીયાદ પક્ષે સાહેદ – કરશનભાઈ ગાંડાભાઈને આંક–૧૪૬ થી સોગંદ પર તપાસતા તેઓએ પોતાની જુબાનીમાં સરતપાસના ભાગે જણાવેલ છે કે, હું હાલ દૂધરેજ ફાટક પાસે રહું છું મે પોસ્ટ માસ્તર તરીકે

વર્ષ–૨૦૦૦ થી ૨૦૦૩ સુધી હેડ પોસ્ટ માસ્તર તરીકે સુ.નગર પોસ્ટ ઓફિસમાં નોકરી કરેલ હાલ નિવૃત્ત છું, આસીફભાઈ અને ખેરૂનીશાબેન જુદા જુદા લોકોના પૈસા ઉઘરાવીને રીકરીંગમાં જમા કરાવવાની કામગીરી કરતા હતાં, વર્ષ–૨૦૦૨ માં કલેકટર ઓફિસ તરફથી ખેરૂનીસાબેન રીકરીંગ ખાતા બાબતે જે કામગીરી કરતાં હતાં તે તમામ ખાતાંઓની માહિતી અમારી પોસ્ટ ઓફિસથી માંગવામાં આવેલ, મને કલેકટર કચેરી તરફથી બેરૂનીસાબેન તરફથી કયા રીકરીંગ ખાતામાં કેટલી રકમ જમા થાય છે તેની માહિતી માંગવા બાબતનો પત્ર મળેલ હતો જે માર્ક–૧૪૫/૪૭ થી રજુ છે તેની ઓફિસ કોપી આંક–..... વધુમાં જણાવે છે કે, સદર પત્ર મળતાં મે આસી. પોસ્ટ માસ્તર રીકરીંગ શાખા તરફ યોગ્ય કાર્યવાહી કરવા માટે મોકલી આપેલ, સદર રીકરીંગ પોસ્ટ માસ્તરે રીકરીંગ ખાતાઓના લીસ્ટ બનાવેલ અને મારી સમક્ષ રજુ કરેલ આ લીસ્ટ મેં કલેકટર કચેરી મોકલાવી આપેલ તે લીસ્ટ અને મારો ફોરવડીંગ લેટર માર્ક–૧૪૫/૪૯ થી રજુ છે તેમાં મારી સહીઓ છે તેમ જણાવી આંક..

સદર સાહેદની બચાવ પક્ષે કરેલ ઉલટતપાસ જોતાં સદર સાહેદ જણાવે છે કે, મારી પોસ્ટ ખાતામાં જીલ્લાના હેડ પોસ્ટ માસ્તર તરીકે કામગીરી હતી અને સ્વીકારે છે કે, રીકરીંગ ખાતાના કોઈ એજન્ટે ખાતામાં પૈસા જમા કરાવેલ નથી તેવી રજુઆત મારી રૂબરૂ કોઈએ કરેલ નથી, **સેવીંગ્સ અને રીકરીંગની કામગીરી મારી કચેરીના બીજા કર્મચારીઓ કરે છે આ બાબતે મને કોઈ જાત માહિતી નથી, મે જે દસ્તાવેજો કોર્ટમાં રજુ કરેલ છે તે કોઈ પોલીસ એજન્સીએ મારી પાસેથી મેળવેલ હોય તેવું બનેલ નથી, રીકરીંગ ખાતામાં છેતરપીંડી બાબતે મારો કોઈ જવાબ લેવામાં આવેલ નથી.** વધુમાં સાહેદ એમ પણ સ્વીકારે છે કે, રીકરીંગ ખાતામાં જો પૈસા જમા ન થાય તો સૌથી પહેલા પોસ્ટ ખાતામાં જાણ થાય પાસબુકના આધારે આવી માહિતી જાણવા મળે, પાસબુક લેજરના આધારે ખતવવામાં આવે આ લેજર બુક પોસ્ટ ખાતાની કસ્ટડીમાં હોય છે, લેજર બુકના આધારે જ નાણાંકીય વ્યવહારો ની લેતીદેતી નકકી થઈ શકે, આ બનાવ બાબતે કલેકટરે મંગાવેલ માહિતી ફોરવર્ડ કરવા સિવાય મને બીજી કોઈ માહિતી નથી.

**(૧૧.૨૫)** ફરીયાદ પક્ષે ફરીયાદીની ફરીયાદ લેનાર/ત.ક.અ સાહેદ – અરદેસિંહ જોરૂભા ઝાલાને આંક–૧૫૫ થી સોગંદ પર તપાસતાં તેઓએ જુબાની દરમ્યાનમાં સરતપાસના ભાગે ફરજના ભાગરૂપે કરેલ કાર્યવાહીનું વર્ણન કરતાં કથનો કરી જણાવેલ છે કે, ગઈ તારીખ :૨૭/૦૪/'૦૨ નાં રોજ અમો સુ.નગર સીટી પોલીસમાં પી.એસ.આઈ. તરીકે ફરજ પર હતાં તે દરમ્યાન હાલના ગુતાની ફરીયાદ મારી રૂબરૂ લીધેલી જે ફરીયાદને ગુનો રજી. કરવા માટે અરજી સાથે રીપોર્ટ કરેલ આ રીપોર્ટના આધારે આ સાથે પી.એસ.ઓ.શ્રી આઈ.આર.રાણાએ સુ.નગર સીટી પો.સ્ટે. ફર્સ્ટ ગુના નં. ૧૭૪/'૦૨ આઈ.પી.સી. કલમ–૪૦૬, ૪૦૮, ૪૨૦, ૧૧૪ મુજબ ગુનો રજી. કરી આગળની તપાસ હુકમ સાથે અમોને સોંપેલ તેમ જણાવી તપાસ સોંપ્યાનો હુકમ તે પરની પી.એસ.ઓ.ની સહી ઓળખી બતાવી આંક–૧૫૬ થી રજુ રાખેલ છે. વધુમાં સદર ત.ક.અ. જણાવે છે કે, ત્યારબાદ આ કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો મેળવવામાં આવેલ, બાદ આ કામના આરોપીઓ તા.૩૧/૦૭/૦૨ નાં રોજ પો.સ્ટે.આવી રજુ થતાં અટક કરવામાં આવેલ ગુના સંબંધીત પુછપરછ કરવામાં આવેલ અને આરોપીઓને સાથે રાખી આરોપીઓના રહેણાંક મકાનની જડતી કરતા ગુનાને લગતા દસ્તાવેજો મળી આવતાં તે પંચનામાની વિગતે કબજે કરેલ અને ચાર્જશીટ કરી મુદ્ધામાલ તરીકે કોર્ટમાં રજૂ કરેલા વધુમાં ત.ક.અ. એમ પણ જણાવે છે કે, મને મુદ્ધામાલ આર્ટીકલ નં. 1 બતાવવામાં આવે છે જે નેશનલ સેવીંગ્સ ઓર્ગેનાઈઝેશનએ આપેલ Ashikhusen son of Allaudin Belim ના નામનું સર્ટીફિકેટ અસલ છે જેમાં તેઓનો ફોટો છે અને કલેકટર શ્રી, સુ.નગરનો સીકકો લગાવેલ છે તથા સહી કરવામાં આવેલ છે તેમ જણાવી સુંદર સર્ટીફિકેટ આંક–૧૫૭ થી રજુ રાખેલ છે અને તે સાથે સુંદર સર્ટીફિકેટ કબજે કર્યા અંગેની પંચોની સહીઓવાળી કાપલી પર પંચો તથા પોતાની સહીઓ ઓળખી બતાવી આંક–૧૫૮ થી તેમજ કલેકટરશ્રી, સુ.નગરનાંઓએ ડેપ્યુટી રીઝયોનલ ડાયરેકટર નેશનલ સેવીંગ્સને નાની બચતનો જનરલ એજન્સી રીન્યુ કરવા લખેલ પન કે જે મેં મારી તપાસના કામે કબજે કરેલ તે અસલ આંક–૧૫૯ થી રજુ રાખેલ છે, મે આરોપી –

ખેરૂનીશા આસીફહુસેન બેલીમના નામનું સ્મોલ સેવીંગ સ્કીમ મહિલા પ્રધાન ક્ષેત્રય બચત યોજના અન્વયે કલેકટરશ્રી, સુ.નગરે આપેલ ઓથોરીટી કબજે કરેલ જે મુદ્દામાલ આર્ટીકલ નં. ૨ તરીકે બતાવેલ જે મે મારી તપાસના કામે કબજે કરેલ છે તે જ છે જે ઓથોરીટી કાર્ડ અને કલેક્ટર કચેરીના પત્રો અને કલેકટર શ્રી સુ.નગરનાંઓએ આપેલ કારણદર્શક નોટીસ અને નાની બચત અંગેનું કામ અટકાવવા રાષ્ટ્રીય બચત કોઠી કમ્પાઉન્ડનો પત્ર વિગેરે કાગળો એક પ્લાસ્ટીકની કોથળીમાં રાખી કબજે કરેલ જે તમામ (પ્લાસ્ટીકની કોથળીમાં રાખેલ કાગળો) આંક–૧૬૦ થી રજુ રાખેલ છે, મે મારી તપાસ દરમ્યાન આંક–૪૨ માં જણાવ્યા પંચનામાની વિગતે તેમજ મુદ્દામાલ આર્ટીકલ નં. ૩ માં બતાવેલ ૧૮૮ નંગ બચતકારોની પાસબુકો કબજે કરેલ જે અસલ પાસબુકો મને બતાવતાં જે મે કબજે કરેલ તે જ છે જે કબજે કર્યા અંગેની પંચોની સહીઓવાળી કાપલી બતાવતાં તેમાં પંચોની અને રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવી પંચોની સહીવાળી કાપલી આંક–૧૬૧ થી તથા ૧૮૮ નંગ પાસબુક આંક–૧૬૨ થી (આ ૧૮૮ નંગ પાસબુકને સંયુકત રીતે રજુ કરતાં) રજુ રાખેલ છે, મે મારી તપાસ દરમ્યાન આંક–૪૨ માં જણાવ્યા પંચનામાની વિગતે તેમજ મુદ્દામાલ આર્ટીકલ નં. ૪ માં બતાવેલ ૧૯૪ નંગ બચતકારોને આપવાના સફેદ તથા આછા વાદળી કલરના કાર્ડ કબજે કરેલ જે અસલ કાર્ડો મને બતાવતાં જે મે કબજે કરેલ તે જ છે જે કબજે કર્યા અંગેની પંચોની સહીઓવાળી કાપલી બતાવતાં તેમાં પંચોની અને રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવી પંચોની સહીવાળી કાપલી આંક–૧૬૬ થી તથા ૧૯૪ નંગ કાર્ડો આંક–૧૬૪ થી (આ ૧૯૪ નંગ કાર્ડોને સંયુકત રીતે રજુ કરતાં) રજુ રાખેલ છે તેમજ કબજેકરેલ ચેક બુક આંક–૧૬૫ થી રજુ રાખેલ છે. મેં મારી તપાસ દરમ્યાન આંક–૪૨ માં જણાવ્યા પંચનામાની વિગતે તેમજ મુદ્દામાલ આર્ટીકલ નં. ૫ માં બતાવેલ ૬૧ નંગ કાડનો પહોંચો કબજે કરેલ જે અસલ કાર્ડની પહોંચો મને બતાવતાં જે મે કબજે કરેલ તે જ છે જે અસલ કાડની પહોંચો નંગ–૬૧ આંક–૧૬૬ થી (આ ૬૧ નંગ કાર્ડની પહોંચોને સંયુકત રીતે રજુ કરતાં) રજુ રાખેલ છે, મે મારી તપાસ દરમ્યાન આંક–૪૨ માં જણાવ્યા પંચનામાની વિગતે તેમજ મુદ્દામાલ આર્ટીકલ નં. ૬

માં બતાવેલ ૭ નંગ એફ.ડી. ના કાર્ડ તથા કોરા કાર્ડો કબજે કરેલ જે અસલ કાર્ડો મને બતાવતાં જે મેં કબજે કરેલ તે જ છે જે કબજે કવાં અંગેની પંચોની સહીઓવાળી એક.ડી. ના કાર્ડ તથા કોરા કાર્ડ પર તેમાં પંચોની અને રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવી પંચોની સહીવાળી એફ.ડી. ના કાર્ડ તથા કોરા કાર્ડ આંક – ૧૬૭ થી તથા ૭ નંગ એક.ડી. ના કાર્ડ તથા કોરા કાર્ડ આંક–૧૬૮ થી (આ ૭ નંગ એફ.ડી. ના કાર્ડો તથા કોરા કાર્ડને સંયુકત રીતે રજૂ કરતાં) રજૂ રાખેલ છે, મે મારી તપાસ દરમ્યાન આંક–૪ર માં જણાવ્યા પંચનામાની વિગતે તેમજ મુદ્ઘામાલ આર્ટીકલ નં. ૭ માં બતાવેલ એકનોલેજમેન્ટ તથા તે સાથેના કાગળોની ઝેરોક્ષના સેટ નંગ–૪ કબજે કરેલ જે એકનોલેજમેન્ટ તથા તે સાથેના કાગળોની ઝેચેલ મને બતાવતાં જે મેં કબજે કરેલ તે જ છે તેમ જણાવી કબજે કરેલ એકનોલેજમેન્ટ તથા તે સાથેના કાગળોની ઝેરોક્ષ આંક–૧૬૯ થી (આ ૪ નંગ એકનોલેજમેન્ટ તથા તે સાથેના કાગળોની ઝેરોક્ષ સંયુક્ત રીતે રજૂ કરતાં) રજુ રાખેલ છે. મે મારી તપાસ દરમ્યાન આંક–૪ર માં જણાવ્યા પંચનામાની વિગતે તેમજ મુદ્ઘામાલ આર્ટીકલ નં. ૮ માં બતાવેલ પાસબુક તથા પરચુરણ કાગળો કબજે કરેલ જે અસલ પાસબુક તથા પરચુરણ કાગળો મને બતાવતાં જે મેં કબજે કરેલ તે જ છે તેમ જણાવી કબજે કરેલ અસલ પાસબુકો તથા પરચુરણ કાગળો આંક–૧૭૦ થી (આ પાસબુક તથા પરચુરણ કાગળો સંયુકત રીતે રજુ કરતાં) રજુ રાખેલ છે, ત્યારબાદ મેં મારી તપાસના કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલ અને કલેકટર ઓફિસ તથા પોસ્ટ ઓફિસમાંથી અમોએ માંગેલ માહિતી મળ્યા બાદ આરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટ કરવા પુરતો પુરાવો હોઈ ચાર્જશીટ કરેલ.

બચાવ પક્ષે કરેલ ઉલટતપાસ જોતાં સદર ત.ક.અ. સ્વીકારે છે કે, **ફરીયાદ મારા રૂબરૂને કારણે મને ફરીયાદની તમામ હકીકતોની ખબર છે, ફરીયાદમાં જે આક્ષેપો હતા તે રુા. ૧૯,૬૦૦/– પુરતાં હતાં, આંક–૪ર માં જણાવેલ કુલ–૧૮૮ પાસબુક ધારકોના જવાબો મે મેળવેલ નથી મે પોસ્ટબુક ખાતાની કોઈ લેજર બુક કબજે કરેલ નથી.** અહીં ત.ક.અ.શ્રીને ઉલટ તપાસના ભાગે જુઓ તમારી તપાસ દરમ્યાન એ બાબત ખુલેલી કે

આશીકભાઈ બેલીમ તથા મુન્નો આશીફભાઈ બેલીમ પાસે પોસ્ટ ઓફિસ રીકરીંગ ખાતાની રકમ મેળવવા માટે કોઈ લાયસન્સ ન હતું એટલે કે તેઓ પોસ્ટ ખાતાના એજન્ટ ન હતાં તેવા સવાલના જવાબમાં જણાવે છે રીકરીંગ ખાતાના એજન્ટ ન હતાં, પોસ્ટ ઓફિસમાં રીકરીંગ ખાતામાં રીકરીંગ ખાતાની પાસબુક અને કાર્ડ આપવામાં આવે અને કોઈ વ્યકિત પૈસા જમા કરાવે ત્યારે આ પાસબુક અને કાર્ડમાં પૈસા જમા કરાવ્યા મુજબ પોસ્ટ ઓફિસમાં લેજરમાં જમા કરાવવામાં આવે તેવા સવાલના જવાબમાં જણો છે કે હાલ ખરી વાત છે પરંતુ પાસબુક અને કાર્ડ તફાવતની રકમ હતી ઉચાપત થયેલ છે, **જુઓ આ ચાર્જશીટમાં તમે જે સાહેદો જણાવેલ છે તે સાહેદો સિવાય બીજા કોઈ કાર્ડ કબજે કરેલ નથી કે જવાબ લીધેલ નથી તેવા સવાલના જવાબમાં જણાવે છે કે આ સિવાયના કાર્ડ પણ કબજે લીધેલ છે અને જવાબો પણ લીધેલ છે.** અહીં ત.ક. અ.શ્રી એમ પણ કબુલ રાખે છે કે આ જવાબો અને કાર્ડ મે તપાસના કામે ચાર્જશીટ સાથે રજુ કરેલ નથી તપાસના કામે જે દસ્તાવેજો ઉપર ફરીયાદ પક્ષ આધાર રાખતો હોય તે તમામ ચાર્જશીટ સાથે રજુ કરવા જોઈએ અને તેની નકલો આરોપીને આપવામાં આવે છે.

**(૧૨)** સબબ કામે ઉપરોકત તમામ સાહેદો તર્ફે રજુ થયેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવાનુ ગુણાંત્મક મુલ્યાંકન કરતાં, આ કામે ઘણા ખરા સાહેદો આ કામના તેઓ પોસ્ટમાં રીકરીગ ખાતુ ખોલાવેલા પૈસા પરત મળી ગયેલ છે. તેમજ સાહેદો એ હકિકત સ્વીકારેલ છે કે, તેઓએ આ કામના આરોપીને પૈસા પોસ્ટમાં ભરવા આપતા હોય અને તેમની સાથે છેતરપીડી કરેલ હોય અને કે વિશ્વાસઘાત કરેલ હોય તે લગતના ગુનાના આવશ્યક તત્વો ફરિયાદપક્ષે પુરવાર કરી શકેલ નથી. તેમજ આ કામે ફરિયાદપક્ષે મુળ ફરિયાદીની જુબાની જોતાં, તેઓને છાપામાં જાહેરાતના અનુસંધાને તેઓને સદર બનાવની હકિકત ધ્યાન ઉપર આવેલ છે. આમ, સદર બનાવની હકિકતની તેઓને જાત માહીતી નથી. તેમજ સદર કામે ફરિયાદપક્ષે આરોપી વિરુધ્ધના સદર ગુનાના

ચાર્જીસ નિશંક પણે પુરવાર કરી શકેલ નથી. આમ, ફરિયાદપક્ષે રજુ થયેલ તમામ દસ્તાવેજી અને મૌખિક પુરાવાનુ મુલ્યાંકન કરતાં, આરોપી વિરુધ્ધ સદર ગુનાની જવાબદારી નિશંકપણે પુરવાર કરી શકેલ નથી.

**(૧૩)** આમ, ઉપરોકત ફરીયાદ પક્ષે રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓનુ ગુણાત્મક મૂલ્યાંકન કરતા ફરીયાદ પક્ષે આરોપી વિરુધ્ધ ગુનાના આવશ્યક તત્વો નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી. આમ, નીચેની અદાલતે ઉપરોકત કેસમાં પુરાવાકીય મૂલ્યાંકન કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત વિરુધ્ધનો અને કાયદા તેમજ હકીકતથી ભુલભરેલુ અવલોકન કરેલ છે. જેથી ઉપરોકત ટ્રાયલ કોર્ટના ચુકાદામાં હસ્તક્ષેપ કરવો ન્યાયોચિત જણાઈ આવતુ નથી. આમ, ઉપરોકત કેસની હકીકત, સંજોગો, કાયદાકીય જોગવાઈ અને નામદાર એપેકસ કોર્ટે ચુકાદામાં ઠરાવેલ માર્ગદર્શક સિંધ્ધાંતો ને ઘ્યાનમા લેતા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: હુ ક મ ::-**

(૧) આરોપીની હાલની અપીલ નીચેની શરતે મંજુર કરવામાં આવે છે.

(૨) આ કામના આરોપી **(૧) આશીકહુસેન અલાઉદીનભાઈ બેલીમ,** ઉ.વ.આ.૭૫, ધંધો: નિવૃત (૨) ખેરૂનીશાબેન આશીકહુસેન બેલીમ, બંને રહે.કૃષ્ણનગર, બ્લોક નં.૭૬૩/૬૪, કલેકટર કચેરી પાછળ,સુરેન્દનગરનાઓને વિ. ચીફ કોર્ટ, સુરેન્દ્રનગર કોર્ટનાઓનો ફોજદારી કેસ નં. ૧૧૭૯/૨૦૦૨ ના કામે તા. ૧૧/૮/૨૦૧૭ નો નારોજ તકસીરવાન ઠરાવતા આંક -૧૯૧ લગતના હુકમને રદ કરી આરોપીને શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામના આરોપીના જામીન અને જામીનખત રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) સદર હુકમની એક નકલ તથા ટ્રાયલ અદાલતનું રેકર્ડ તાત્કાલીક મોકલી આપવાનો હુકમ કરવામાં આવે છે.

આજ તારીખ ૦૬ મી, માહે : માર્ચ સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી,સંભળાવી જાહેર કર્યો.

સુરેન્દ્રનગર
તા.૦૬–૦૩–૨૦૨૬.

જીજ્ઞેશ વિષ્ણુભાઈ પટેલ
છઠ્ઠા એડીશ્નલ સેશન્સ જજ
સુરેન્દ્રનગર.(કોડ નં.જીજે ૦૦૯૬૦)